RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
RAJKOT
www.aaspassdaily.com
LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ
● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪
● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૩ સોમવાર તા.૧૪-૦૯-૨૦૨૬ અંક : ૭૦ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# ચીન 'બ્રિક્સ એન્જિનિયર ટ્રેઈનિંગ ગઠબંધન'ની રચના કરશે: શી જિનપિંગ

## ઉત્પાદન, વેપાર અને ટેક્નોલોજીમાં સહકાર વધારવા એઆઈ ઓપન સોર્સ કોમ્યુનિટી, ડિજિટલ ઈકોસિસ્ટમ પર જિનપિંગે ભાર મુક્યો: શક્તિશાળીની બોલબાલાના સિદ્ધાંતને દુનિયા હવે માનતી નથી

નવી દિલ્હી,

દુનિયામાં 'જેની લાઠી તેની ભેંસ', શક્તિશાળી લોકોની જ બોલબાલા હોય છે. જોકે, હવે દુનિયા આ સિદ્ધાંતને અમાન્ય ઠેરવી રહી છે. તમે શક્તિશાળી હોવ એટલે સાચા બની જતા નથી તેમ કહેતા ચીનના પ્રમુખ શી જિનપિંગે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ટોણો માર્યો હતો. તેમણે કહ્યું, આજે દુનિયા એક સદીમાં ના જોયા હોય તેવા પરિવર્તનોમાંથી પસાર થઈ રહી છે. આજે ગ્લોબલ સાઉથ દુનિયાને બહુધ્રુવીય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આ સાથે જિનપિંગે ગ્લોબલ સાઉથ અને બ્રિક્સને મજબૂત કરવા એઆઈ ઓપન સોર્સ



કોમ્યુનિટી, ડિજિટલ ઈકોસિસ્ટમ અને એન્જિનિયરિંગ ટ્રેઈનિંગ અલાયન્સ સહિત પાંચ મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો.

જિનપિંગે કહ્યું, બ્રિક્સ દેશોમાં ઉત્પાદનને આધુનિક બનાવવા માટે સ્માર્ટ ફેક્ટરીઓના નિર્માણ માટે ચીન મદદ કરશે અને એન્જિનિયરોની યોગ્યતાને વૈશ્વિક ઓળખ અપાવવા તથા સંયુક્ત વિકાસ માટે 'બ્રિક્સ એન્જિનિયર ટ્રેઈનિંગ ગઠબંધન'ની રચના કરશે.

બ્રિક્સ શિખર સંમેલનમાં ચીનના પ્રમુખ જિનપિંગે 'ગ્રેટર બ્રિક્સ'નો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે અમેરિકા અને યુરોપના દેશોનું નામ લીધા વિના કહ્યું કે, આંતરરાષ્ટ્રીય બાબતોમાં 'જેની લાઠી તેની ભેંસ'નો સિદ્ધાંત હવે માન્ય નથી અને બધા જ દેશોને સંપ્રભુ સમાનતા મળવી જોઈએ. પોતે શક્તિશાળી છે તો સાચા છે તેવી માનસિક્તા હવે ચાલી શકે નહીં. બધા દેશો માટે આંતરરાષ્ટ્રીય કાયદા એક સમાન લાગુ થવા જોઈએ અને બેવડાં ધોરણો રાખવા જોઈએ નહીં. આગામી બ્રિક્સ સમિટ હવે ચીનમાં યોજાવાની છે ત્યારે જિનપિંગે કહ્યું બ્રિક્સે વિકાસશીલ બજારો અને ગ્લોબલ સાઉથ સાથે મળીને સપ્લાય ચેઈન સુરક્ષિત રાખવા અને વિશાળ એકીકૃત બજાર ઊભું કરવા કામ કરવું જોઈએ. જિનપિંગે ગ્લોબલ સાઉથ અને બ્રિક્સને મજબૂત બનાવવા માટે તેમજ ઉત્પાદન, વેપાર અને ટેક્નોલોજીમાં સહકાર વધારવા એઆઈ ઓપન સોર્સ કોમ્યુનિટી, ડિજિટલ ઈકોસિસ્ટમ અને એન્જિનિયરિંગ ટ્રેનિંગ અલાયન્સ સહિત પાંચ વૈશ્વિક પહેલો પર ભાર મૂક્યો હતો.

## રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સ્વદેશ રવાના

નવી દિલ્હી,

અહીં યોજાયેલી બ્રિક્સ શિખર પરિષદ સંપન્ન થઈ છે. વડાપ્રધાન મોદીએ સમાપન સંબોધન કર્યું. પછી ભવ્ય ભોજન સમારંભ યોજાયો. જેમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન મુખ્ય મહેમાન સમાન બની રહ્યા હતા. ચીનના માંધાતા શી-જિનપિંગ રાત્રી ભોજનમાં ઉપસ્થિત ન રહ્યા, ભારત મંડપમ્ જ્યાં આ શિખર પરિષદ યોજાઈ હતી ત્યાંથી નીકળી સીધા પોતાની હોટેલ ઉપર જ તેઓ પહોંચી ગયા અને ત્યાંથી સીધા એરપોર્ટ પહોંચી ગયા હતા.

બ્રિક્સ સંમેલન-૨૦૨૬ ના છેલ્લા દિવસે મહેમાન દેશોના પ્રતિનિધિઓ સાથે ફોટો સેશન યોજાયું હતું. મોદીએ તે પૂર્વે તેના સમાપન સંબોધનમાં કહ્યું કે ભારતે તે વાત ઉપર કેન્દ્રિત કર્યું છે કે બ્રિક્સ સહકાર માત્ર સરકારો કેન્દ્રિત ન રહેતા તેનો લાભ જન સામાન્યને પણ મળે. આ પછી રશિયાના પ્રમુખ પુતિન સ્વદેશ જવા રવાના થયા. તેઓ તો ૧૧ મી સપ્ટેમ્બર ભારતની મુલાકાતે હતા. આ સંમેલન અંગે નોબેલ પારિતોષિક વિજેતા કૈલાસ સત્યાર્થીએ સોશ્યલ મીડીયા સાઈટ ઉપર લખ્યું : 'આ સંમેલન બહુપક્ષીયવાદનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમાં મુળ મલ્ટીલેટરીઝમ, મજબૂત ક્ષેત્રીય મુદ્દાઓ આધારિત સહયોગ તેમાં સ્પષ્ટ દેખાય છે. બ્રિક્સનું આ નવી દિલ્હી ઘોષણાપત્ર એક પ્રગતિશીલ પગલું છે. તે ગ્લોબલ સાઉથને મજબૂત અવાજ આપે છે. સાથે વધુ નિષ્પક્ષ વિત્તીય વ્યવસ્થા માગે છે. અને પશ્ચિમ એશિયામાં સ્થિર-શાંતિ ઉપર વજન મુકે છે. આંતરિક વિરોધાભાસો અને બાહ્ય ભૂ-રાજકીય પડકારો વચ્ચે પણ આ એક સ્વાગત યોગ્ય ઘટનાક્રમ છે.

## મિડલ ઈસ્ટમાં ફરી યુદ્ધની સ્થિતિ, ઈરાન સમર્થિત હુતીઓએ સાઉદી પર કર્યો હુમલો

કૈરોઃ

યમનમાં ઈરાન સમર્થિત હુતીઓએ પડોશી દેશ સાઉદી અરેબિયા પર નવા હુમલાઓ કર્યાનો દાવો કર્યો છે. જ્યારે સાઉદી અરેબિયા સમર્થિત યમન સરકારે રેડ સીના કિનારે બળવાખોરોની ગતિવિધિઓને ઈરાન યુદ્ધનો એક નવો મોરચો ગણાવ્યો હતો.

તાજેતરના દિવસોમાં હુતીઓએ બાબ અલ-મંદેબ સ્ટ્રેટ પર એક મુખ્ય બંદર શહેર અને એક ટાપુ પર કબજો કર્યો છે, જે હોર્મુઝ સ્ટ્રેટનો મહત્વપૂર્ણ શિપિંગ વિકલ્પ છે. આના કારણે બજાર અને યમનના નાગરિકોની ચિંતા વધી છે. લોકોને ભય છે કે વિનાશક ગૃહયુદ્ધ ફરી શરૂ થઈ શકે છે. હુતીઓએ સાઉદી અરેબિયા પર મિસાઈલો અને ડ્રોનથી વધુ હુમલાઓ કર્યાનો દાવો કર્યો છે. સાઉદી અરેબિયા યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારનું સમર્થન કરે છે જે બળવાખોરો સામે લડી રહી છે.હુથી લશ્કરી પ્રવક્તા, બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીએ એક નિવેદનમાં દાવો કર્યો હતો કે તેઓએ સાઉદી અરેબિયાના નજરાન ક્ષેત્રમાં શરુરાહ પ્રાંતમાં એક લશ્કરી છાવણીને નિશાન બનાવી હતી.

## ઈન્ડોનેશિયામાં ૨૪૩ લોકોને લઈ જતું જહાજ દરિયામાં ડૂબ્યું

### બોર્નિયો ટાપુ નજીક જાવા સમુદ્રમાં ડૂબેલા જહાજમાંથી ૧૩૦ યાત્રી લાપતા, ૬ના મોત, ૧૦૭ને બચાવાયા

બોર્નિયોઃ

ઈન્ડોનેશિયાના બોર્નિયો ટાપુ નજીક જાવા સમુદ્રમાં એક જહાજ ડૂબવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં ૨૪૩ લોકો સવાર હતા. આ જહાજનો સંપર્ક તૂટયા બાદ શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૬ લોકોના મોત થયા છે.

આ અંગે અધિકારીઓએ જણાવ્યું કે બચાવ અભિયાન તેજ કરાતા છ મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે ૧૦૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૩૦ મુસાફરો હજુ પણ ગુમ છે અને તેમની શોધ ચાલી રહી છે.આ જહાજ પૂર્વ જાવાના સુરાબાયાથી દક્ષિણ કાલીમંતન પ્રાંતના બંજારમાસિન જઈ રહી હતી.બંજારમાસિન સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા આઈ પુટુ સુદયનાએ જણાવ્યું હતું કે જહાજના



કેપ્ટને દરિયામાં ૧૦ ફૂટ ઊંચા મોજાની જાણ કરતા પહેલા ડિસ્ટ્રેસ કોલ મોકલ્યો હતો.જેમાં કહેવામાં આવ્યું હતું કે જહાજ એક તરફ ઝૂકી રહ્યું છે. અધિકારીઓને પાછળથી ખબર પડી કે જહાજ પલટી ગયું છે અને પછી ડૂબી ગયું છે. બંજારમાસિનમાં બચાવ એજન્સીએ જણાવ્યું હતું કે રવિવારે સવારે ૨ વાગ્યે વર્કો ટ્રાન્સપોર્ટ ૮ સાથે સંપર્ક તૂટી ગયાના બે કલાક પછી તેમને આ ઘટનાની જાણ કરવામાં આવી હતી.

## ૨૦૨૯ સુધીમાં ૨૧ રાજ્યોમાં UCC લાગુ થશેઃ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

### UCC લાગુ કરનાર હાલ માત્ર ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ,ગુજરાત અનેઆસામમાં તૈયારી

મુંબઈ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે મુંબઈમાં કહ્યું કે ભાજપ-એનડીએ શાસિત ૨૧ રાજ્યોમાં ૨૦૨૯ પહેલા UCC લાગુ કરી દેવામાં આવશે. આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૯માં યોજાવાની છે. ઉત્તરાખંડમાં જાન્યુઆરી ૨૦૨૫થી UCC સંપૂર્ણપણે લાગુ છે. હાલમાં UCC લાગુ કરનારું આ એકમાત્ર રાજ્ય છે.

ગુજરાત, આસામ અને મધ્યપ્રદેશમાં વિધાનસભામાંથી પ્રસ્તાવ પસાર થઈ ચૂક્યો છે. રાષ્ટ્રપતિની મંજૂરી અને અધિસૂચના જાહેર થવાની રાહ જોવાઈ રહી છે. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢે UCC લાગુ કરવા માટે કાયદાનો મુસદ્દો તૈયાર કરનારી સમિતિઓ ગઠિત કરી દીધી



છે.તેઓ મુંબઈમાં ભાજપના સેવા સંકલ્પ અભિયાનના લોન્ચિંગ માટે પહોંચ્યા હતા. અહીં તેમણે પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી.

૨૦૧૪માં ભાજપ/એનડીએની સરકારો લગભગ ૭ રાજ્યોમાં હતી. ૨૦૧૮ સુધીમાં આ સંખ્યા વધીને ૨૧ રાજ્યો સુધી પહોંચી ગઈ. ૨૦૧૯ પછી કેટલાક રાજ્યોમાં સત્તા ગુમાવવાથી સંખ્યા ઘટીને લગભગ ૧૬-૧૭ રહી ગઈ. ૨૦૨૪-૨૦૨૬ દરમિયાન મહારાષ્ટ્ર, બિહાર, આસામ અને પશ્ચિમ બંગાળ સહિત ઘણા રાજ્યોમાં સત્તા વાપસી થઈ. ૨૦૨૬માં ભાજપના નેતૃત્વ હેઠળનું એનડીએ ૨૨ રાજ્યોમાં સરકાર ચલાવી રહ્યું છે. કેરળની મુસ્લિમ સંસ્થા સમસ્ત કેરળ જેમ-ઈયાતુલ ઉલમા પણ UCCનો વિરોધ કરી રહી છે. સંસ્થાના અધ્યક્ષ મોહમ્મદ જિફ્રીનું કહેવું છે કે માત્ર મુસ્લિમ જ નહીં, પરંતુ અન્ય ધર્મો જેવા કે ખ્રિસ્તી, બૌદ્ધ અને જૈન પણ યુનિવર્સલ સિવિલ કોડને સ્વીકારી શકશે નહીં. તેમનું કહેવું છે કે મુસ્લિમોમાં લગ્ન, છૂટાછેડા અને વારસો ધર્મનો જ એક ભાગ છે. તેમના માટે કેટલાક નિયમો અને કાયદા બનાવવામાં આવ્યા છે, જેનું પાલન કરવું પડે છે.

## મહાદેવી તરીકે જાણીતી હાથણી માધુરીને 'વનતારા'એ પરત વતન મોકલાવી

અમદાવાદ,

કોલ્હાપુરમાં 'મહાદેવી' તરીકે ઓળખાતી અને લોકોમાં પ્રિય એવી માધુરીને હાઈ-પાવર્ડ કમિટી (HPC)ના નિર્દેશોના પાલનરૂપે ૩૦ જુલાઈ ૨૦૨૫ના રોજ જામનગર સ્થિત વનતારામાં લાવવામાં આવી હતી. આ નિર્દેશોને માનનીય બોમ્બે હાઈકોર્ટ અને માનનીય સુપ્રીમ કોર્ટે પણ યથાવત્ રાખ્યા હતા. વનતારાએ માધુરીની કસ્ટડી માગી નહોતી. નિર્દેશ આપવામાં આવ્યા હોવાથી વનતારાએ તેને સ્વીકારી અને તેની સંભાળ રાખી.

કોલ્હાપુરમાં માધુરીને લઈને લોકોની ઊંડી લાગણીઓને અમે સંપૂર્ણપણે સમજીએ છીએ. મહારાષ્ટ્ર સરકાર, તેના અધિકારીઓ, સંબંધિત હિતધારકો અને







સમુદાયના સભ્યો સાથે ચર્ચા કર્યા બાદ, ૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વનતારાએ સ્પષ્ટ કર્યું હતું કે તે લોકોની લાગણીઓનું સન્માન કરે છે અને સક્ષમ સત્તાધિકારીઓના નિર્દેશોનું પાલન કરશે.

ત્યારબાદ માનનીય સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોને તેમના દાવાઓ HPC સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. પક્ષકારોની સુનાવણી કર્યા બાદ, અહેવાલો મંગાવ્યા અને નંદાણી ખાતેની સુવિધાનું નિરીક્ષણ કર્યા પછી, HPCએ ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિગતવાર કારણસભર આદેશ પસાર કરીને કડક શરતોને આધીન માધુરીને કોલ્હાપુર પરત મોકલવાની મંજૂરી આપી હતી. આ શરતોમાં માધુરીનો કોઈપણ સરઘસ કે અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ ન કરવો, તેની ચોવીસ કલાક સંભાળ રાખવી અને દર પખવાડિયે તેની તબીબી તપાસ કરાવવાનો સમાવેશ થાય છે.

વનતારા HPCની સત્તાનું સન્માન કરે છે અને તેના તમામ નિર્દેશોનું સંપૂર્ણપણે પાલન કરશે.

માધુરી અંગે વનતારાનું વલણ હંમેશાં પશુચિકિત્સા વિજ્ઞાન અને તેના કલ્યાણના સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શિત રહ્યું છે. સતત પશુચિકિત્સકીય સારવાર અને સંભાળ દ્વારા તેની તબિયત સ્થિર કરવામાં આવી છે, પરંતુ તેની લાંબા સમયથી ચાલી આવતી તબીબી સમસ્યાઓ સંપૂર્ણપણે દૂર થઈ નથી. તેને હજુ પણ યોગ્ય સંભાળ, સહાયક સારવાર અને નિયમિત પશુચિકિત્સકીય દેખરેખની જરૂર છે.

માધુરી કોલ્હાપુર પરત જાય છે તેની સાથે અમારી જવાબદારી પૂરી થતી નથી. વનતારાએ તેની યોગ્ય રીતે સંભાળ સુનિશ્ચિત થાય તે માટે તેના પુનઃસ્થાપન પ્રક્રિયામાં સહયોગ આપ્યો છે. તેના માટે યોગ્ય રહેવાની પરિસ્થિતિ, પશુચિકિત્સકીય સુવિધાઓ, તબીબી સાધનો, દવાઓ અને અન્ય જરૂરી વસ્તુઓ ઉપલબ્ધ રહે તે માટે વ્યવસ્થા કરવામાં મદદ કરવામાં આવી છે.

HPCના નિર્દેશ મુજબ, વનતારાના પશુચિકિત્સકો દર પખવાડિયે કોલ્હાપુર જઈને માધુરીની તબીબી તપાસ કરશે અને તેમના અહેવાલો સક્ષમ સત્તાધિકારીઓને સુપરત કરશે. આ સતત સારવાર અને સંભાળ જાળવી રાખવા તથા માધુરી જ્યાં પણ રહે ત્યાં તેના કલ્યાણનું રક્ષણ સુનિશ્ચિત કરવા અંગે છે.

વનતારાએ નંદાણી ખાતેના એ ઘેરાવ અને સુવિધામાં પણ જરૂરી કામગીરી કરી છે, જ્યાં માધુરી હવે પરત જઈ રહી છે. ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓને ધ્યાનમાં રાખીને તેના માટે શક્ય તેટલી શ્રેષ્ઠ વ્યવસ્થા કરવામાં આવી છે. હાલના તબક્કે માળખાકીય સુવિધામાં વધુ સુધારા કરવાનું શક્ય બન્યું નથી, કારણ કે ટાઉન પ્લાનિંગ સંબંધિત મર્યાદાઓ છે. ટ્રસ્ટની જમીનમાંથી પસાર થતો રસ્તો હોવાથી વિકાસ માટે ઉપલબ્ધ જમીન મર્યાદિત થઈ ગઈ છે.

માધુરી ત્યાં સ્થિર થઈ જાય ત્યારબાદ પણ વનતારા સુવિધાના આધુનિકીકરણ અને અપગ્રેડેશન માટે મઠને સહાય આપવા માટે ઉપલબ્ધ રહેશે. જો કોર્ટ અથવા સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા આવું કરવા માટે નિર્દેશ આપવામાં આવશે, તો વનતારા આવા સુધારાકાર્યમાં પણ સંપૂર્ણ સહયોગ આપશે.

વનતારાનું માનવું છે કે સાચા અર્થમાં પ્રાણી કલ્યાણ માટે તથ્યો, પશુચિકિત્સા વિજ્ઞાન, જવાબદાર સંભાળ, યોગ્ય કાનૂની પ્રક્રિયાનું સન્માન અને જીવનની હંમેશા સુરક્ષા કરવાની અડગ પ્રતિબદ્ધતા જરૂરી છે.

વનતારા માનનીય સુપ્રીમ કોર્ટ, માનનીય બોમ્બે હાઈકોર્ટ અને HPC દ્વારા આપવામાં આવેલા નિર્દેશો માટે આભારી છે. અમે મહારાષ્ટ્ર અને ગુજરાત સરકારો તથા તેમના અધિકારીઓના સહયોગ બદલ તેમનો આભાર માનીએ છીએ. માધુરી પ્રત્યેની ચિંતા અને લાગણી માટે અમે મઠ તથા કોલ્હાપુરના લોકોના પણ આભારી છીએ.માધુરીની સ્થિતિ HPC સમક્ષ લાવવામાં PETA Indiaએ ભજવેલી ભૂમિકાને પણ અમે સ્વીકારીએ છીએ અને પ્રાણી કલ્યાણના ક્ષેત્રમાં PETA India સાથેના અમારા લાંબા સમયના સંબંધને મૂલ્યવાન ગણીએ છીએ.

માધુરીનું સુખાકારી અને કલ્યાણ વનતારાની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેના આરોગ્ય, કલ્યાણ અને ગૌરવ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા તે ક્યાં રહે છે તેના પર આધારિત નથી. અમે તેના સારા આરોગ્ય અને લાંબા, સુરક્ષિત તથા સુખી જીવનની શુભેચ્છા પાઠવીએ છીએ.

### હાઈપાવર કમિટીના આદેશને અનુસરી કોલ્હાપુરની લોક લાગણીને પણ 'વનતારા'એ જાળવી : માધુરીનું સુખાકારી અને કલ્યાણ વનતારાની સર્વોચ્ચ પ્રાથમિકતા

## ભારતીય ટીમે મોહસિન નકવી પાસેથી ટ્રોફી ના સ્વીકારી

### ભારતીય મહિલા ટીમ શ્રીલંકાને હરાવી ૮મી વાર એશિયા કપ ચેમ્પિયન બની

દુબઈ,

ભારતીય મહિલા ટીમે એશિયા કપ ખિતાબ જીત્યા બાદ મોહસિન નકવીના હાથથી ટ્રોફી લેવાનો ઈનકાર કરી દીધો છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં યોજાયેલા પુરુષ એશિયા કપમાં પણ ભારતે નકવીના હાથથી ટ્રોફી લેવાનો ઈનકાર કરી દીધો હતો.રવિવારે ભારતે દુબઈમાં યોજાયેલા ફાઈનલ મુકાબલામાં શ્રીલંકાને ૭૨ રનથી હરાવીને ૮મી વાર એશિયા કપ જીત્યો. ત્યારબાદ યોજાયેલી પ્રેઝન્ટેશન સેરેમનીમાં શ્રીલંકન ટીમની કેપ્ટને નકવી પાસેથી ઉપવિજેતા ટ્રોફી અને ચેક લીધો. પરંતુ, ભારતીય ટીમ સ્ટેજ પર ન આવી. અહીં જ પ્રેઝન્ટેશન સેરેમની પૂરી કરી દેવામાં આવી.



એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રેસિડેન્ટ મોહસિન નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન અને પાકિસ્તાન સરકારમાં ગૃહ મંત્રી પણ છે. તેમણે ઓપરેશન સિંદૂર સમયે ભારત વિરોધી નિવેદનો આપ્યા હતા. આ જ કારણથી ૨૦૨૫માં ભારતીય પુરુષ ટીમે તેમના હાથથી ટ્રોફી લીધી ન હતી. ભારતીય મહિલા ટીમે પણ તે જ સ્ટેન્ડ પર કાયમ રહેતા નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કરી દીધો.મેચ પૂરો થતાં જ ટ્રોફીને લઈને સસ્પેન્સ બનવા લાગ્યું હતું. પ્રેઝન્ટેશન સેરેમની પહેલાં ભારતીય ક્રિકેટ બોર્ડના સેક્રેટરી દેવજીત સૈકિયા અને ઉપાધ્યક્ષ રાજીવ શુક્લા ભારતીય ખેલાડીઓ સાથે વાત કરતા નજરે પડ્યા.

ભારતે વુમન્સ એશિયા કપનું ટાઈટલ આઠમી વાર જીતી લીધું છે. દુબઈમાં રમાયેલી ફાઈનલમાં ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને ૭૨ રનથી હરાવ્યું. ભારતે પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૮૩ રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ ૨૦ ઓવરમાં ૧૧૧ રન પર ઓલઆઉટ થઈ ગઈ. શેફાલી વર્માએ ૬૮ અને સ્મૃતિ મંધાનાએ ૫૯ રન બનાવ્યા. બંનેએ પહેલી વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી કરી. બોલિંગમાં શ્રીમચરણીએ ૪ વિકેટ લીધી, જ્યારે દીપ્તિ શર્માએ ૩ વિકેટ ઝડપી.

# નારી સશક્ત, તો સમાજ સશક્ત અને સમાજ સશક્ત, તો દેશ સશક્ત

## કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ પિંક ઈ-રિક્ષા ચાલક બહેનો સાથે સંવાદ કરી તેમના આત્મનિર્ભરતાના પ્રયાસોને બિરદાવ્યા

નર્મદા,
એકતાનગર ખાતે નારી શક્તિના આત્મનિર્ભરતા તરફના સંકલ્પ અને સાહસને પ્રોત્સાહન આપતા ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ પિંક ઈ-રિક્ષા ચલાવી આત્મનિર્ભર બની રહેલી મહિલા ચાલક બહેનો સાથે પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ બહેનોના અનુભવો, તેમની રોજગારી તથા પરિવારના જીવનમાં આવેલા પરિવર્તન અંગે રસપૂર્વક જાણકારી મેળવી હતી.




આ પ્રસંગે મંત્રીશ્રીએ મહિલાઓના આત્મનિર્ભરતા તરફના પ્રયાસોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, "નારી સશક્ત તો સમાજ સશક્ત અને સમાજ સશક્ત તો દેશ સશક્ત." તેમણે જણાવ્યું કે, મહિલાઓ જ્યારે પોતે પગભર બનીને પરિવારની જવાબદારી નિભાવે છે ત્યારે તે માત્ર પોતાના પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને નવી દિશા આપે છે.

મંત્રીશ્રીએ પિંક ઈ-રિક્ષા ચલાવી રહેલી બહેનોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, કોઈપણ કામ નાનું નથી હોતું. જીવનમાં કરવામાં આવતું દરેક કામ મહેનત, હિંમત અને આત્મવિશ્વાસથી કરવામાં આવે તો તે ગૌરવપૂર્ણ બની જાય છે. દરેક વ્યક્તિએ પોતાના કામને શ્રેષ્ઠ રીતે કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિ હિંમત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે ત્યારે સમાજ પણ તેની નોંધ લે છે. આજે દેશના વિવિધ વિસ્તારોમાંથી લોકો એકતાનગર ખાતે પિંક ઈ-રિક્ષાના આ મોડલનો અભ્યાસ કરવા આવી રહ્યા છે, જે આ પહેલની સફળતા અને તેની પ્રેરણાદાયી અસર દર્શાવે છે.

પિંક ઈ-રિક્ષા ચલાવીને રોજગારી મેળવી રહેલી બહેનોને સંબોધતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તમે રિક્ષા ચલાવો છો તે માત્ર રોજગાર નથી, પરંતુ તમારા બાળકો માટે પણ એક મોટી પ્રેરણા છે. માતાને મહેનત કરીને પરિવારનું ગુજરાન ચલાવતા જોઈને બાળકોમાં પણ જીવનમાં આગળ વધવાની અને કંઈક બનવાની પ્રેરણા જન્મે છે.

# ગણેશ વિસર્જન માટે અમદાવાદમાં AMCએ બનાવ્યા 47 કૃત્રિમ કુંડ, અદભુત આયોજન કરાયું

અમદાવાદ,
ગણેશ મહોત્સવ દરમિયાન સાબરમતી નદી અને શહેરનાં તળાવોને પ્રદૂષણથી બચાવવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વર્ષે પણ કૃત્રિમ વિસર્જન કુંડની વ્યવસ્થા કરવામાં આવશે. શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૮ સ્થળોએ કુલ ૪૭ કૃત્રિમ કુંડ તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે. નાગરિકોને કુદરતી જળાશયોમાં મૂર્તિ વિસર્જન કરવાના બદલે આ કુંડનો ઉપયોગ કરવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

એએમસીના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના આયોજન મુજબ પશ્ચિમ, ઉત્તર, મધ્ય, ઉત્તર પશ્ચિમ, દક્ષિણ પશ્ચિમ, પૂર્વ અને દક્ષિણ ઝોનમાં વિસર્જન કુંડ બનાવાશે. પશ્ચિમ ઝોનમાં પલ્લવ ચાર રસ્તા, ઔડા ગાર્ડન, મોટેરા તળાવ, અચેર સ્મશાનગૃહ, વલ્લભ સદન, સાહિત્ય પરિષદ, રાણીપ તથા પાલડી સહિતનાં સ્થળોએ કુંડ રહેશે. ઉત્તર ઝોનમાં સૈજપુર તળાવ, રિવરવ્યૂ વિસ્તાર, ભદ્રેશ્વર સ્મશાન અને કોતરપુર સહિતનાં સ્થળોએ વ્યવસ્થા કરાશે.



મધ્ય ઝોનમાં શાહપુર, શાહીબાગ અને જમાલપુર, જ્યારે ઉત્તર પશ્ચિમ ઝોનમાં બોડકદેવ, ચાંદલોડિયા, ગોતા અને થલતેજમાં કુંડ બનાવાશે. દક્ષિણ પશ્ચિમ ઝોનમાં જોધપુર અને સરખેજ, પૂર્વ ઝોનમાં વસ્ત્રાલ, રામોલ અને નિકોલ તથા દક્ષિણ ઝોનમાં વટવા, મણિનગર, ખોખરા અને લાંભામાં કૃત્રિમ કુંડ તૈયાર કરાશે. કુંડની કામગીરી દરમિયાન એચડીપીઈ લાઈનર, બેરિકેડિંગ, નિયમિત સફાઈ અને જંતુનાશક દવાનો છંટકાવ કરવાની સૂચના આપવામાં આવી છે.

# નવસારીના ચીખલીમાં કાવેરી નદી બે કાંઠે વહેતાં તડકેશ્વર મહાદેવ મંદિર જળમગ્ન થયું

નવસારી,
દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની જોરદાર બેટિંગથી સમગ્ર નવસારી જિલ્લાના ઉપરવાસમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન ભારે વરસાદ ખાબક્યો છે. ઉપરવાસમાં પડેલા મુસળધાર વરસાદને પગલે ચીખલીમાંથી પસાર થતી કાવેરી નદીમાં પાણીની આવકમાં મોટો ઉછાળો આવ્યો છે અને નદી બંને કાંઠે વહેતી થઈ છે.

કાવેરી નદીના જળસ્તરમાં અચાનક થયેલા વધારાને કારણે નદી કિનારે આવેલું સુપ્રસિદ્ધ તડકેશ્વર મહાદેવ મંદિર ચોમાસાની ચાલુ સિઝનમાં ત્રીજી વાર જળમગ્ન બન્યું છે. શિવાલયમાં કાવેરી નદીના પાણી પ્રવેશતાં જ સ્થાનિક શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોમાં અદ્ભુત ધાર્મિક દ્રશ્યો જોવા મળ્યા હતા. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક દરમિયાન સમગ્ર નવસારી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદની આશંકા અને કાવેરી નદીની ભયજનક સપાટીને ધ્યાને રાખીને સ્થાનિક પ્રશાસન અને પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સુરક્ષાના ભાગરૂપે કાવેરી નદીકાંઠાના તમામ નીચાણવાળા વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા નદીના પટમાં ન જવા, સેલ્ફી ન લેવા તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક અસરથી સલામત સ્થળે ખસી જવા માટે સત્તાવાર સૂચનાઓ આપી દેવામાં આવી છે.

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણેથી "સોમનાથથી વડનગર સેવાયાત્રા" બાઈક રેલીનો થયો પ્રારંભ

## શિક્ષણમંત્રી ડૉ .પ્રદ્યુમન વાજા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ લીલી ઝંડી આપી બાઈક યાત્રાને પ્રસ્થાન કરાવ્યું

સોમનાથ,
વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની સમર્પિત જનસેવા યાત્રાની ઉજવણીના ભાગરૂપે "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત રાજ્યમાં એક સાથે ચાર જગ્યાઓથી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત મંત્રી શ્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજા અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં આજે સવારે વરૂણદેવના ઝરમર અમીછાંટડા વચ્ચે પ્રથમ જ્યોતિર્લિંગ એવા શ્રી સોમનાથ મંદિરના પટાંગણમાંથી "સોમનાથ થી વડનગર સેવાયાત્રા" બાઈક રેલીનું લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું.

આ પ્રસંગે દેશના ૧૨ જ્યોતિર્લિંગનો મહિમામંડન કરતાં 'સૌરાષ્ટ્રે સોમનાથં ચ: 'શ્લોકનો ઉલ્લેખ કરી શિક્ષણમંત્રી શ્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજાએ જણાવ્યું હતું કે, પ્રથમ જ્યોતિર્લિંગ એવા ભગવાન શ્રી સોમનાથનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ છે. ત્યારે આ પવિત્ર ભૂમિમાંથી શરૂ થયેલી બાઈક રેલીના માધ્યમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રાષ્ટ્ર નિર્માણનો સંકલ્પ જન-જન સુધી પહોંચાડવામાં આવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સમર્પણના ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે અંતર્ગત આ બાઈક રેલી ભારતની આસ્થા અને ગુજરાતની અસ્મિતા એવા પ્રથમ જ્યોતિર્લિંગના આંગણે થી વડનગર સુધી જશે. મંત્રીશ્રીએ તમામ બાઈકર્સની સુરક્ષા અને સલામતીની કામના કરી આ બાઈક રેલી દ્વારા જન-જન સુધી સ્વચ્છતાનો સંદેશ અને વિકસિત ભારતનો સંકલ્પ પહોંચાડશે તેમ જ 'વિરાસત થી વિકાસ', 'સંકલ્પ થી સિદ્ધિ'નો મંત્ર લઈ બીજા તબક્કામાં ગુજરાતના ગૌરવવંતા વડનગર થી ભારતના ગૌરવ એવા વારાણસી સુધીની આ બાઈક યાત્રા જન-જનમાં સાંસ્કૃતિક ચેતના જગાવશે અને વિવિધ સેવાકીય કાર્યોથી સંકલ્પબદ્ધ થશે.

ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ આ તકે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. ત્યારે, આ માત્ર એક બાઈક રેલી નહી, પરંતુ સેવાની જ્યોત પ્રગટાવનાર રેલી બની રહેશે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સોમનાથ સહિત રાજ્યના અન્ય ચાર પવિત્ર યાત્રાધામો ઉનાઈ માતાજી મંદિર, પાવાગઢ, શામળાજીથી સેવાયાત્રા બાઈક રેલીનો પ્રારંભ આજે રાજ્ય મંત્રીમંડળના વિવિધ સભ્યોના હસ્તે થયો છે.

# ઉકાઈમાં ૧૧ ઈંચથી વધુ વરસાદ દક્ષિણના અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર

ઉકાઈ,
ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા ગુજરાતના અમુક તાલુકાઓ માટે ભારેથી અતિભારે વરસાદ માટે 'રેડ એલર્ટ' જાહેર કર્યું છે. IMD એ આજે મધ્ય મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ, તેલંગાણા, વિદર્ભ અને મધ્ય પ્રદેશમાં ખૂબ ભારે વરસાદ માટે 'ઓરેન્જ એલર્ટ' પણ જારી કર્યું છે.

આવતીકાલ સુધી દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, પૂર્વ રાજસ્થાન અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળમાં પણ ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને સિક્કિમ સહિતના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં પણ આવી જ હવામાન પરિસ્થિતિ



પ્રવર્તવાની શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે આવતીકાલ સુધી દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, મરા?વાડા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં ગાજવીજ સાથે વરસાદની સ્થિતિ ચાલુ રહેશે. આગામી બે દિવસ દરમિયાન ઉત્તરાખંડ, તેલંગાણા, કેરળ, માહે અને અંદામાન-નિકોબાર ટાપુઓ પર પણ આવી જ હવામાન પરિસ્થિતિ રહેવાની ધારણા છે.

# કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ વડોદરાના કાયાવરોહણ ખાતે FCI સાઈલોની મુલાકાત લીધી

## મંત્રીએ અનાજ સંગ્રહ, ખરીદી અને ઓટોમેટેડ હેન્ડલિંગ સુવિધાઓની સમીક્ષા કરી અને વૃક્ષારોપણ કર્યું

વડોદરા,
કેન્દ્રીય ખાદ્ય અને સાર્વજનિક વિતરણ રાજ્યમંત્રી નિમુબેન જયંતિભાઈ બાંભણિયાએ વડોદરાના કાયાવરોહણ સ્થિત ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) સાઈલોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે અનાજ સંગ્રહ, ખરીદી અને પ્લાન્ટની ઓટોમેટેડ હેન્ડલિંગ સુવિધાઓનું નિરીક્ષણ કરી વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

મંત્રીશ્રીએ પ્લાન્ટ ખાતે અનાજ સંગ્રહ ક્ષમતા, ખરીદી પ્રક્રિયા, ઘઉં વહન કરતી રેલવે વેગનનું હેન્ડલિંગ, ઓટોમેશન અને લેબોરેટરી સુવિધાઓ સહિતની વિવિધ કામગીરીનું



પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું તથા પ્લાન્ટની સક્ષમ કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

ત્યારબાદ મંત્રીશ્રીએ પ્લાન્ટ પરિસરમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લઈ પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો.

આ મુલાકાત પ્રસંગે એફસીઆઈ ગુજરાત રિજનના જનરલ મેનેજર શ્રી સુદેશ કુમાર યાદવ, ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી અમિત તિવારી, એફસીઆઈ વડોદરા ડિવિઝનના ડિવિઝનલ મેનેજર શ્રી શામ લાલ તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પીપળજની મહર્ષિ અત્રિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સનડેઝ ઓન સાઈકલ સીરીઝમાં ભાગ લીધો

ગાંધીનગર,
પીપળજની મહર્ષિ અત્રિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ આજે સવારે તેમના કેમ્પસમાં ફિટ ઈન્ડિયા- સનડેઝ ઓન સાઈકલની ૯૦મી આવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સાપ્તાહિક કાર્યક્રમની નવીનતમ આવૃત્તિ 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' થીમ હેઠળ આયોજિત કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત હળવા શારીરિક તાલીમ સત્ર સાથે થઈ હતી, ત્યારબાદ ઝુમ્બા ડાન્સ યોજાયો હતો. નૃત્ય સત્ર દરમિયાન યુવાનો લોકપ્રિય હિન્દી ફિલ્મ, પંજાબી, ટિમલી ગરબા અને તેલુગુ ટ્રેક પર પણ ઝૂમી ઉઠ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ શાળા કેમ્પસમાં ૩ કિમી સાઈકલ ચલાવવા આગળ વધ્યા હતા. આ કાર્યક્રમમાં એક મનોરંજક ગેમ ઝોનનો પણ સમાવેશ થતો હતો જ્યાં સહભાગીઓએ કેરમ, ચેસ, બોક્સ લુડો અને બોક્સ સ્નેક્સ એન્ડ લેડર્સ (સાપસીડી), દોરડા કૂદ અને વોલીબોલ જેવી વિવિધ રમતો રમી હતી.

આ કાર્યક્રમમાં શાળાના ૧૪૦ છોકરાઓ અને ૪૦ છોકરીઓ સહિત કુલ ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા દ્વારા ડિસેમ્બર ૨૦૨૪માં શરૂ કરાયેલ, ફિટ ઈન્ડિયા સનડેઝ ઓન સાઈકલનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (MYAS) દ્વારા સાઈકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), ઈન્ડિયન રોપ સ્કીપિંગ ફેડરેશન, યોગાસન ભારત, રાહગીરી ફાઉન્ડેશન, સ્રૂ બાઈક્સ અને MY ભારતના સહયોગથી કરવામાં આવે છે. સાઈકલિંગ ઝુંબેશ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકસાથે ચલાવવામાં આવે છે, જેમાં SAI પ્રાદેશિક કેન્દ્રો, નેશનલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (NCOEs), SAI તાલીમ કેન્દ્રો (STCs), ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ (KISCEs) અને ખેલો ઈન્ડિયા કેન્દ્રો (KICs) નો સમાવેશ થાય છે.

# સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે વિવિધ નવીનતમ સુવિધાઓનું લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

સુરત,
નવી સિવિલ હોસ્પિટલ અને સરકારી તબીબી મહાવિદ્યાલય, સુરતના કિડની બિલ્ડિંગ ખાતે આજરોજ વિવિધ નવી આરોગ્ય સુવિધાઓના લોકાર્પણ રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે તથા આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. તેમની સાથે ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ તથા મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.પારૂલ વડગામા પણ ઉપસ્થિત રહ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલ ખાતે ૩૦ બેડના અધતન ડાયાલિસીસ સેન્ટર, મેડિકલ ICUનું ૧૦ બેડથી વધારીને ૨૦ બેડ સુધી વિસ્તરણ, સર્જિકલ ICUનું 10 બેડથી વધારીને ૨૦ બેડ સુધી વિસ્તરણ, ઓર્ગન ડોનેશનના દર્દીઓ માટે આઈસોલેશન ICU, અપગ્રેડેડ ઈમરજન્સી વિભાગ તથા સાકેત ગ્રુપ દ્વારા હેલ્પ ડેસ્ક સહિતની વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સુરત સિવિલ હોસ્પિટલનો પરિવાર દરરોજ ૪૫૦૦ થી ૫૦૦૦ લોકોને OPDના માધ્યમથી સારવાર આપે છે. શહેરની ખાનગી હોસ્પિટલોમાં જેટલા દર્દીઓની સારવાર થાય છે તેના કરતાં પણ વધારે દર્દીઓની સારવાર કરીને તેમને સ્વસ્થ કરી ઘરે મોકલવાનું મહત્વપૂર્ણ કાર્ય સિવિલ હોસ્પિટલનો પરિવાર અને નર્સિંગ ટીમ કરી રહી છે. ૧૫૦૦ બેડના દર્દીઓને સેવા આપવા માટે સિવિલ હોસ્પિટલની ટીમ દરરોજ અડીખમ ઊભી રહે છે. સિવિલ હોસ્પિટલમાં એવા અનેક દર્દીઓ આવે છે જેમનો કોઈ પરિવાર હોતો નથી અથવા તેમનો પરિવાર તેમને છોડીને ચાલ્યો ગયો હોય છે. આવા સમયે નર્સિંગ સ્ટાફના ભાઈ-બહેનો તેમના પરિવારજનો બનીને નિઃસ્વાર્થ ભાવે તેમની સેવા કરે છે. નિરાધાર દર્દીઓ અને પરિવારથી વિખૂટા પડેલા લોકોની સારવાર ઉપરાંત તેમની અન્ય જરૂરિયાતોમાં પણ નર્સિંગ સ્ટાફ પરિવારના સભ્યની જેમ જવાબદારી નિભાવે છે.

વધુમાં તેમણે કહ્યું કે, સુરતમાં એક સમયે માત્ર એક જ ડાયાલિસિસ સેન્ટરની સુવિધા હતી, જ્યારે આજે ૩૦થી વધુ ડાયાલિસિસ સેન્ટરની સુવિધા ઊભી કરવામાં આવી છે. તેમણે આરોગ્ય ક્ષેત્રમાં સતત વિસ્તરી રહેલી સુવિધાઓને મહત્વપૂર્ણ ગણાવી હતી. તેમણે કોરોના મહામારીના સમયને યાદ કરતાં જણાવ્યું હતું કે, જ્યારે કોરોનાની તકલીફ વધી રહી હતી સ્ટેમસેલ અને કિડની બિલ્ડિંગોમાં ઝડપથી કોરોના માટેના વોર્ડ ઊભા કરી દર્દીઓને બચાવવાનું કાર્ય થયું હતું. તે સમયે સિવિલ હોસ્પિટલની તબીબી અને નર્સિંગ ટીમે દિવસ-રાત એક કરીને કરેલી કામગીરીને યાદ કરીને સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# લોહપુરષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી માટે એકતા નગર સજ્જ

એકતાનગર,
ભારતની એકતા અને અખંડિતતાના પ્રતીક તથા આધુનિક ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ એકતા નગર ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ–૨૦૨૬ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પરેડનું આયોજન કરવામાં આવશે. ભવ્ય રાષ્ટ્રીય એકતા પરેડ આ વર્ષે રાષ્ટ્રીય એકતા પરેડને વિશાળ ફલક પર આયોજિત કરવામાં આવી રહી છે. પરેડમાં દેશભરના પોલીસ અને અર્ધલશ્કરી દળોના જવાનો, વિવિધ રાજ્યોના પોલીસ દળો, કલાકારો તથા વિવિધ બેન્ડ દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે.પરેડના માધ્યમથી ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત, લોકકલા, પરંપરા અને રાષ્ટ્રીય એકતાના વૈવિધ્યસભર રંગોનું ભવ્ય નિદર્શન કરવામાં આવશે.

પરેડ દરમિયાન મુખ્ય આકર્ષણોઃ-

- પોલીસ અને અર્ધલશ્કરી દળોના આશરે ૧૦,૦૦૦ જવાનોની ભવ્ય પરેડ
- દેશના વિવિધ રાજ્યોના આશરે ૪,૭૦૦ કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ
- ભારતીય વાયુસેના દ્વારા શાનદાર ફ્લાયપાસ્ટ
- વિવિધ બેન્ડ દ્વારા દેશભક્તિપૂર્ણ પ્રસ્તુતિ
- માનનીય પ્રધાનમંત્રીનું સંબોધન

આ વર્ષની રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને વધુ ભવ્ય, આકર્ષક અને યાદગાર બનાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજવણી દરમિયાન ભારતની એકતા, શક્તિ, અખંડિતતા અને વિવિધતામાં એકતાની ભાવનાનું ભવ્ય પ્રદર્શન જોવા મળશે. નાગરિકો પણ બની શકશે રાષ્ટ્રીય એકતા પરેડના સાક્ષી રાષ્ટ્રીય એકતા દિવસ–૨૦૨૬ની ઉજવણીને જનભાગીદારી સાથે જોડવાના ઉદ્દેશ્યથી ગત વર્ષની જેમ આ વર્ષે નાગરિકોને પણ રાષ્ટ્રીય એકતા પરેડમાં ઉપસ્થિત રહીને આ ભવ્ય રાષ્ટ્રીય પર્વના સાક્ષી બનવાની અનમોલ તક મળી છે.

આ માટે વિશેષ વેબસાઈટ www. rashtriyaektadiwas. com લોન્ચ કરવામાં આવી છે.

નાગરિકો વેબસાઈટ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી જરૂરી માહિતી તથા દસ્તાવેજો અપલોડ કરી શકશે. રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઓથોરિટી દ્વારા નોંધાયેલા ઈ-મેઈલ સરનામે કન્ફર્મેશન/એન્ટ્રી પાસ મોકલવામાં આવશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તરભ વાળીનાથ ધામ ખાતે નવનિર્મિત વાળીનાથ ગુરુકુળનું લોકાર્પણ કર્યું

મહેસાણા,
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના તરભ વાળીનાથ ધામ ખાતે નવનિર્મિત ' વાળીનાથ ગુરુકુળ'નું લોકાર્પણ કર્યું હતું. આ મંગલ પ્રસંગે મુખ્યમંત્રીએ ભગવાન વાળીનાથના ચરણોમાં શીશ ઝુકાવી પૂજન-અર્ચન કરી જનસુખાકારીની મંગલ કામના કરી હતી. આ અવસરે વાળીનાથ ધામના મહંત જયરામગીરીજી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીએ શિક્ષણ અને ધર્મના સંગમને વિકસિત ભારતની પાયાની જરૂરિયાત ગણાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત સાધુ-સંતો અને ભાવિકોને સંબોધતા જણાવ્યું હતું કે, વાળીનાથ ધામ એ રબારી સમાજની ભક્તિ, શક્તિ અને




ઉન્નતિનું પ્રતીક છે. પૂજ્ય બળદેવગિરીજી બાપુના આશીર્વાદ અને પૂજ્ય જયરામગિરી બાપુના પુરુષાર્થથી નિર્મિત આ ગુરુકુળ શિક્ષણના ક્ષેત્રમાં નવા આયામો સર કરશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ પણ, વિરાસત પણ'ના મંત્રને સાકાર કરતા તેમણે ઉમેર્યું કે, ૯૦૦ વર્ષ જૂની આ વિરાસત પર નૂતન શિવાલયની પ્રાણ પ્રતિષ્ઠા બાદ હવે શૈક્ષણિક પ્રકલ્પનું લોકાર્પણ એ સમાજ સુધારણાની દિશામાં મોટું કદમ છે. મંદિરો હંમેશા જ્ઞાનના કેન્દ્રો રહ્યા છે અને વાળીનાથ ધામે આ પરંપરાને શિક્ષણ ક્ષેત્રે પવિત્રતાથી આગળ ધપાવી છે.

શિક્ષણ ક્ષેત્રે વાળીનાથ ધામના યોગદાનની પ્રશંસા કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ધોરણ ૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને મફત પુસ્તક વિતરણ અને ગાંધીનગરમાં કન્યા કેળવણી જેવા કાર્યો વંદનીય છે. ખાસ કરીને વાળીનાથ ગુરુકુળમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની વિનામૂલ્યે તૈયારી કરી રહ્યા છે, જે વિકસિત ભારત માટે સક્ષમ પેઢી તૈયાર કરશે. તેમણે યુવા શક્તિને મોબાઈલ સ્ક્રીનથી દૂર રહી મેદાનમાં શારીરિક રમતો રમવા અને વ્યસનમુક્તિના અભિયાનમાં જોડાવા હાકલ કરી હતી.

‘સેવા સંકલ્પ અભિયાન’

# સોમનાથથી વડનગર બાઈક રેલીનું વીરપુર ખાતે ભવ્ય સ્વાગત કરાયું

## પ્રધાનમંત્રીશ્રીના ‘વિરાસતથી વિકાસ’ સંકલ્પને સિદ્ધ કરવા આ યાત્રા દેશવાસીઓમાં નવી ચેતના જગાવશે:મંત્રી ડો. પ્રદ્યુમન વાજા

રાજકોટ: ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડો. પ્રદ્યુમન વાજા તેમજ ઊર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઇ વેકરીયાએ સોમનાથથી વડનગર બાઈક રેલીને સોમનાથ તીર્થધામ ખાતેથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.




આ બાઈક રેલી વીરપુર-જલારામ ધામ ખાતે આવી પહોંચતા ઢોલ નગારાના નાદ અને કુમકુમ તિલક સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે મંત્રી શ્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે આ યાત્રા ’વિકસિત ભારત’ના સંકલ્પને સિદ્ધ કરવા સૌ ભારતવાસીઓમાં નવી ચેતના જગાવશે.

‘વડનગરથી વારાણસી’ સંકલ્પ યાત્રા અંગે જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડનગર એ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું જન્મ સ્થળ છે, જયારે વારાણસી એ એમની રાજકીય કારકિર્દીની વર્તમાન કર્મભૂમિ હોવા સાથોસાથ સૌ ભારતવાસીઓનું આસ્થાનું કેન્દ્ર છે, ત્યારે આ યાત્રા વિકસિત ભારતના સંકલ્પને આગળ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

સોમનાથથી પ્રારંભ થયેલી આ રેલીનું વિશેષ મહત્ત્વ હોવાનું જણાવતા ડો. પ્રદ્યુમનભાઈએ કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંચાલન હેઠળ સોમનાથથી અયોધ્યા રથયાત્રા નીકળેલી, જેની ફળશ્રુતિરૂપે આજે અયોધ્યામાં ભવ્ય રામમંદિર નિર્માણ પામ્યું છે. આ પ્રસંગે અગ્રણી શ્રી પ્રશાંતભાઈ કોરાટે બાઈક રેલીના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સિદ્ધ કરવા સૌ યુવાનોને સંકલ્પબદ્ધ થવા આહવાન કર્યું હતું.

આ તકે આયોજિત ગ્રામસભામાં મહાનુભાવોના હસ્તે વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને હુકમ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. વીરપુર ખાતે આયોજિત સભામાં શ્રી ગોરધનભાઈ ધામેલીયા, શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, શ્રી દીપકભાઈ ગાજીપરા, સરપંચ શ્રી રમેશભાઈ સરવૈયા સહિતના અગ્રણીઓ, પદાધિકારીઓ તેમજ કલેકટરશ્રી ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાંત અધિકારીશ્રી સહિત મોટી સંખ્યામાં વીરપુરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલ રોડ પર સમૃધ્ધિ ભવનની ઓફિસમાંથી રૂ.૨.૫૪ લાખના દારૂ સાથે બુટલેગર બેલડી ઝબ્બે

## માઉન્ટ આબુથી દારૂની ખેપ મારી વેંચાણ કરવાના હતાં, એલસીબી ઝોન-૨ ટીમે રૂ. ૨.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

રાજકોટ: ગોંડલ રોડ પર આવેલ સમૃધ્ધિ ભવનમાં આવેલ ઓફિસમાં એલસીબી ઝોન-૨ની ટીમે દરોડો પાડી દારૂની ૮૩૮ બોટલ સાથે રતનપરની બેલડીની ધરપકડ કરી હતી. દારૂ અને મોબાઈલ મળી કુલ રૂ. ૨.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દારૂના અન્ય બે દરોડામાં માલવિયાનગર પોલીસે આંબેડકરનગરના મકાનમાંથી ૪૭ બોટલ શરાબ અને ૧૬ બિયરના ટીન કબ્જે કરી હાજર નહિ મળી આવેલ મકાન માલિકની શોધખોળ શરૂ કરી હતી. જયારે થોરાળા પોલીસે એક્સેસ સ્કૂટરની ડેકીમાંથી શરાબની ૧૨ બોટલ જપ્ત કરી હતી. પોલીસના દરોડામાં નાસી જનાર બુટલેગરને પકડી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.




દરોડાની વિગત મુજબ એલસીબી પીએસઆઈ એસ.વી. ચુડાસમાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ટીમને મળેલી બાતમી મળી હતી કે, ગોંડલ રોડ પર આવેલ સમૃદ્ધિ ભવનના ચોથા માળે ઓફિસ નંબર ૨૪-એ ખાતે ચંદ્રેશ ભરત તથા રાજેશ ગણપતદાસ રામાવતે પોતાની ઓફિસ ખાતે ભારતીય બનાવટની વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે.

જે હકીકતના આધારે એલસીબી ઝોન-૨ની ટીમે સમૃદ્ધિ ભવનની ઓફિસમાં દરોડો પાડી અહીંથી રૂ. ૨,૫૪,૦૬૪ ની કિંમતની દારૂની ૮૩૮ બોટલ, બે મોબાઈલ મળી કુલ રૂ. ૨,૭૪,૦૬૪ ના મુદ્દામાલ સાથે ચંદ્રેશ ભરતભાઈ ભલસોડ (ઉવ ૩૫ રહે. રતનપર ગામ, રાજકોટ), રાજેશ ગણપતદાસ રામાવત (ઉવ ૫૦ રહે. રતનપર ગામ, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી.

પોલિસની તપાસમાં ચંદ્રેશ ભલસોડ માઉન્ટ આબુથી દારૂની ખેપ મારી આવ્યો હતો અને અહીં છૂટકમાં વેચાણ શરૂ કર્યું હતું. દારૂનો સંગ્રહ કરવા બંનેએ સમૃદ્ધિ ભવનમાં ઓફિસ ભાડેથી રાખ્યાનું પોલિસની તપાસમાં સામે આવ્યું હતું. વધુમાં ચંદ્રેશ વિરુદ્ધ દારૂ અને એટ્રોસિટી એક્ટ હેઠળના બે ગુના જયારે રાજેશ રામાવત વિરૂધ્ધ દારૂ-જુગારના પાંચ ગુના નોંધાઈ ચુક્યાનું સામે આવ્યું હતું.

આ કામગીરી એએસઆઈ જે વી ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઈ મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ ઝાલા, હેમેન્દ્રભાઈ વાઘીયા, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા, શિવભદ્રસિંહ ગોહિલ, મૈસુરભાઈ કુંભરવાડીયા દ્વારા કરવામાં આવી હતી.

# વિનસ ગ્રુપ ની ‘Live it Now’ પહેલ: સપોર્ટ સ્ટાફના બાળકોના ભણતરની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી




અમદાવાદ:અમદાવાદના આર્કિટેક્ચરલ લેન્ડસ્કેપને છેલ્લા ‘સાડા ત્રણ દાયકા’થી ગૌરવવંતી ઓળખ આપનાર વિનસ ગ્રુપ એ સામાજિક ઉત્તરદાયિત્વની પોતાની સફરને એક અર્થપૂર્ણ અને નવો આયામ આપ્યો છે. છેલ્લા ૩૫ વર્ષથી અગ્રેસર રીતે રિયલ એસ્ટેટ અને પ્રોપર્ટી ડેવલપમેન્ટ ક્ષેત્રે ઈમારતોનું નિર્માણ કરવાથી આગળ વધીને, વિનસ ગ્રુપ આજે પોતાની વિશિષ્ટ સામાજિક પહેલ ‘Live it Now’ ની જાહેરાત કરી છે.

વિનસ ગ્રુપ રક્તદાન શિબિરો અને અનેકવિધ લોકકલ્યાણના કાર્યો દ્વારા સમાજસેવામાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. પરંતુ ‘ન્હીં ર્દુ’ એ માત્ર એક પહેલથી પણ આગળ તમામ સેવાયજ્ઞોને એક નવી દિશા અને વ્યાપક પ્લેટફોર્મ પૂરું પાડતી ગ્રૂપની એક પ્રતિબદ્ધ અને ઉમદા વિચારધારા છે.

કોઈપણ મોટા પરિવર્તનની શરૂઆત પોતાના ઘરથી જ થવી જોઈએ, આ જ વિચાર સાથે ગ્રૂપે આ અભિયાનની શરૂઆત પોતાના જ ‘વિનસ પરિવાર’થી કરી છે. ગ્રૂપે પોતાના સપોર્ટ સ્ટાફના પરિવારના ૨ થી ૨૧ વર્ષની વયના બાળકોના ભણતરની સંપૂર્ણ જવાબદારી પોતાના શિરે લીધી છે.

‘Live it Now’ પહેલ હેઠળ વિનસ ગ્રુપ આ બાળકોની સ્કૂલ-કોલેજની ફી, હોસ્ટેલ, આવવા-જવાની વ્યવસ્થા તેમજ ખાવા-પીવાની તમામ વાર્ષિક ફી ખુદ વહન કરશે, જેથી તેમના શિક્ષણમાં નિરંતરતા જળવાઈ રહે અને તેમના પરિવાર પર કોઈ પ્રકારનો આર્થિક બોજ ન પડે. આનો મુખ્ય હેતુ આ બાળકોના પરિવારોને આર્થિક રીતે સાથ આપવાનો અને તેમના ઉજ્જવળ ભવિષ્યને સુનિશ્ચિત કરવાનો છે. આ પહેલનો વ્યાપ માત્ર વિનસ ગ્રુપ પૂરતો જ સીમિત રહેવાનો નથી. સમયની સાથે આ અભિયાન આગળ વધીને વ્યાપક સમાજના જરૂરિયાતમંદ વર્ગ સુધી પહોંચશે.

# સૌરાષ્ટ્ર યુનિ.ના EC અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મુદ્દત પૂર્ણ થવા છતા નવી નિમણુંક નહીં થતા અધ્યાપકોની ભરતી લટકી પડી

## ઈન્ટરવ્યુ લેવાયા બાદ પોસ્ટીંગ નહીં અપાતા ઉમેદવારોમાં કચવાટ

રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિ.ના ઈ.સી. અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મુદત ગત તા.૨૫ ઓગસ્ટના પૂર્ણ થવા છતા નવી નિમણુંક નહીં કરાતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે જેમાં અનેક ભવનોમાં અધ્યાપકોની ભરતી પ્રક્રિયા પણ લટકી પડયાની ફરીયાદ ઉઠી છે.



યુનિ.ના ભવનોમાં કોન્ટ્રાકટ બેઈઝ અધ્યાપકોની નિમણુંક માટે ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવાય ગયા પછી પણ ઈસી અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની પુનરચનાના અભાવે ઉમેદવારોને હજુ નિમણુંક નહીં મળતા આવા ઉમેદવારોમાં કચવાટ જાગેલ છે.

આ ઉપરાંત આ નવા બોર્ડની પુનઃરચનાના અભાવે આ વિશ્વ વિદ્યાલયની વહીવટી કામગીરી પર અસર પડી રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે. સુત્રોના જણાવ્યા મુજબ ઈસી અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મુદત પૂર્ણ થતા જ નવા બોર્ડની પુનઃરચના કરવી પડે છે. પરંતુ તે હજુ સુધી કરવામાં આવેલ નથી પરિણામે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે.

જેમાં યુનિ.ના અનેક કામો ઠપ્પ બની ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે સરકારી વિશ્વ વિદ્યાલયોમાં રાજકી હસ્તક્ષેપ ટાળવા માટે રાજ્ય સરકાર દ્વારા આ નવો એકટ અમલી બનાવવામાં આવેલ છે. પરંતુ સતત વિવાદોમાં સપડાતી રહેતી આ યુનિ.માં મુદત પૂરી થવા છતા નવા બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને ઈસીની પુનઃ રચના હજુ સુધી નહી કરાતા આ વિષય ઉચ્ચ શિક્ષણ જગતમાં ભારે ચર્ચાનો વિજય બની રહેવા પામેલ છે.

# ’ખેતી બેંકના રાજા - ગણેશોત્સવ ૨૦૨૬’નું ભવ્ય આયોજન

## પીએમ મોદીની ૨૫ વર્ષની જનસેવા અને સહકારથી સમૃદ્ધિની થીમ પર ૫ દિવસીય ઉત્સવ ઉજવાશે



અમદાવાદ: અમદાવાદ સ્થિત ’ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂલર ડેવલપમેન્ટ બેંક લી.’ (ખેતી બેંક) દ્વારા દર વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ તા.૧૪ સપ્ટેમ્બર સોમવારથી તા.૧૮ સપ્ટેમ્બર શુક્રવાર સુધી પાંચ દિવસ માટે “ખેતી બેંકના રાજા – ગણેશોત્સવ ૨૦૨૬” નું શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવપૂર્વક ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષનો ગણેશોત્સવ વિશેષરૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અવિરત જનસેવાના ૨૫ વર્ષની પ્રેરણાદાયી યાત્રા તથા “વિકસિત ભારત જ૨૦૪૭” ના સંકલ્પને સમર્પિત કરવામાં આવ્યો છે. આ સાથે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલયના ૫ સફળ વર્ષ અને “સહકારથી સમૃદ્ધિ” ના સંકલ્પને પણ થીમ રૂપે રજૂ કરાશે. આ ઉત્સવ દરમિયાન મુલાકાતીઓ માટે વિશેષ ઊઇ કોડ મૂકાશે, જેના દ્વારા તેઓ પોતાના સેવા સંકલ્પ નોંધાવી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી બની શકશે. ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચાના જણાવ્યા મુજબ, આ આયોજન માત્ર ભક્તિનો ઉત્સવ નથી પરંતુ સેવા, સહકાર અને જનભાગીદારી દ્વારા રાષ્ટ્રનિર્માણનો એક પવિત્ર પ્રયાસ છે.

# વિશ્વવિખ્યાત તરણેતરના મેળામાં જોવા મળશે ગ્રામીણ કળા અને લોકસંસ્કૃતિનો મહાસંગમ: ૨૫ પરંપરાગત સ્પર્ધાઓનું ભવ્ય આયોજન

## ૩ દિવસીય સાંસ્કૃતિક મહાકુંભ: વાદન, ગાયન, લોકનૃત્ય, છત્રી સજાવટ અને વેશભૂષા સહિત ૨૫ પ્રાચીન-પરંપરાગત સ્પર્ધાઓનું આયોજન વિજેતાઓને રોકડ પુરસ્કાર, શીલ્ડ, પ્રમાણપત્ર તેમજ મુખ્ય મંચ પર રાજ્યના નામાંકિત કલાકારો સાથે કળા પ્રદર્શનની તક મળશે

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનર શ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગરના નિર્દેશાનુસાર જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા વિશ્વવિખ્યાત તરણેતરના મેળામાં આ વર્ષે પણ પરંપરાગત ગ્રામીણ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.





આ ત્રણ દિવસીય સાંસ્કૃતિક મહાકુંભ દરમિયાન કુલ ૨૫ જેટલી વિવિધ પરંપરાગત સ્પર્ધાઓ યોજાશે. મેળાના પ્રથમ દિવસે, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વિવિધ વાદન સ્પર્ધાઓ યોજાશે; જેમાં રાવણહથ્થો, ઢોલ, વાંસળી, મોરલી, ડાક-ડમરૂ, શરણાઈ, શંખ, ઝાંઝ-મંજીરા અને કરતાલ જેવા પ્રાચીન વાજિંત્રોનો સમાવેશ થાય છે. બીજા દિવસે ગાયન અને લોકકળા સ્પર્ધાઓ યોજાશે; જેમાં લોકગીત, ભજન, દુહા-છંદ, લાકડી ફેરવવી, ભવાઈ, બહુરુપી કળા તથા પરંપરાગત ભરત-ગૂંથણ સ્પર્ધાનો સમાવેશ થાય છે. જ્યારે ત્રીજા અને અંતિમ દિવસે નૃત્ય તેમજ વેશભૂષા આધારિત સ્પર્ધાઓ યોજાશે; જેમાં રાસ, હુડો, લોકનૃત્ય, છત્રી સજાવટ, એકલ નૃત્ય (સોલો ડાન્સ) તેમજ ભાઈઓ અને બહેનો માટેની પરંપરાગત વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવશે.

સ્પર્ધાઓના મૂલ્યાંકન અને પુરસ્કારની વિગતો આપતાં યુવા વિકાસ અધિકારી શ્રી ભરતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ તમામ ૨૫ સ્પર્ધાઓ પૈકી ૨૩ સ્પર્ધાઓ મુખ્ય સ્ટેજ પર યોજાશે, જ્યારે ૨ સ્પર્ધાઓ એટલે કે ’શ્રેષ્ઠ ખેલૈયા’ અને ’શ્રેષ્ઠ રાવટી’ની નિર્ણય પ્રક્રિયા તજજ્ઞો દ્વારા મેળાના સ્થળ પર પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને કરવામાં આવશે. આ તમામ સ્પર્ધાઓના વિજેતા કલાકારોને રાજ્ય સરકાર તરફથી પ્રમાણપત્ર, શીલ્ડ અને રોકડ પુરસ્કાર આપીને પુરસ્કૃત કરવામાં આવશે. આ ઉપરાંત, વિજેતા કલાકારોને રાત્રિના સમયે આયોજિત થતાં મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોના મંચ પર રાજ્યના નામાંકિત કલાકારો સાથે પોતાની કળા પ્રદર્શિત કરવાનો સુવર્ણ અવસર પણ પૂરો પાડવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, રાવણહથ્થો, શરણાઈ, ઢોલ વાદકો અને રાસ મંડળીઓ જેવા ગ્રામીણ કલાકારો કે જેઓ આપણી વિસરાતી જતી પ્રાચીન લોકસંસ્કૃતિને સાચવી રહ્યા છે, તેમને ત્રણ દિવસ સુધી મેળામાં રાખીને પોતાની કળાનું પ્રદર્શન કરવાની સંપૂર્ણ તક પૂરી પાડવામાં આવશે. આનાથી મેળામાં આવતા સામાન્ય નાગરિકો અને પ્રવાસીઓને આપણી ઐતિહાસિક લોકસંસ્કૃતિ તથા ગ્રામીણ કળાઓ નિહાળવાનો રોમાંચક લહાવો મળશે. નાનામાં નાના ગ્રામીણ કલાકારોને પ્રોત્સાહિત કરીને આપણી પૌરાણિક સંસ્કૃતિનું સંવર્ધન કરવું એ જ સરકારનો મુખ્ય હેતુ છે.

ગત વર્ષના પ્રતિસાદ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગત વર્ષે આ સ્પર્ધાઓમાં આશરે ૫૫૦ થી ૬૦૦ જેટલી એન્ટ્રીઓ મળી હતી. જ્યારે આ વર્ષે કલાકારો અને ખેલૈયાઓ તરફથી મળી રહેલા અદ્ભુત ઉત્સાહ અને સકારાત્મક પ્રતિસાદને જોતાં ૭૦૦ થી ૮૦૦ કે તેથી પણ વધુ એન્ટ્રીઓ થવાની પૂર્ણ શક્યતા છે. કલારસિકો અને સ્પર્ધકોના આ ભવ્ય પ્રતિસાદને કારણે આ વખતનો તરણેતરનો મેળો કળા અને લોકસંસ્કૃતિના સંગમ સાથે અત્યંત યાદગાર અને રોચક બની રહેશે.

# એઈમ્સ રાજકોટ ખાતે અદ્યતન એડવાન્સ્ડ રેડિયોથેરાપી સુવિધાનું વર્ચ્યુઅલ લોકાર્પણ

રાજકોટ: ભારત સરકારની ’ગ્રાન્ટ-ઈન-એઈડ’ હેઠળ એઈમ્સ



રાજકોટના ડિપાર્ટમેન્ટ ઓફ રેડિયેશન ઓન્કોલોજી ખાતે સ્થાપિત એડવાન્સ્ડ રેડિયોથેરાપી સિસ્ટમનું ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા દ્વારા વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવશે.

આ પ્રસંગે ગુજરાતના આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા રાજકોટ ખાતે રૂબરૂ ઉપસ્થિત રહેશે. આ સુવિધામાં Advanced High-Energy Elekta Versa HD Linear Acceleratro, Wide-Broe CT Simulatr અને Flexitron High-Dose-Rate (HDR) Brachytherapy Unit નો સમાવેશ થાય છે.

જેના દ્વારા IMRT, VMAT, IGRT, SRS, SRT અને SBRT જેવી આધુનિક પદ્ધતિઓ વડે કેન્સરગ્રસ્ત કોષો પર ચોકસાઈપૂર્વક પ્રહાર કરી આસપાસના તંદુરસ્ત અંગોને બચાવી શકાશે. HDR બ્રેકીથેરાપી સિસ્ટમથી સર્વાઈકલ, એન્ડોમેટ્રિયલ અને યોનિના કેન્સરની અસરકારક સારવાર શક્ય બનશે.

# આંબેડકરનગરના મકાનમાંથી દારૂ-બિયર ઝડપાયા: થોરાળામાંથી એક્સેસની ડેકીમાંથી શરાબ જપ્ત

રાજકોટ:દરોડાની વિગત મુજબ, માલવિયાનગર પોલિસની ટીમે ગોંડલ રોડ પાછળ આંબેડકરનગર શેરી નં -૨ ખાતે આવેલ મકાનમાંથી ૪૭ બોટલ દારૂ અને ૧૬ બિયરના ટીન મળી કુલ રૂ. ૧૭,૭૫૯નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.જયારે દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલ મકાન માલિક પ્રકાશ દિનેશ મૂછડીયાની શોધખોળ આદરી હતી. દારૂના અન્ય દરોડામાં થોરાળા પોલિસની ટીમે અજય વે બ્રિજવાળી શેરીમાંથી સિરાજ તાજમહમદ ચાનિયા(રહે. ખોડિયારનગર, રાજકોટ)ની માલિકીના જીજે-૦૩-એનએલ-૦૦૯૨ ની ડેકીમાંથી અંગ્રેજી શરાબની ૧૨ બોટલ ઝડપી પાડી હતી.

# આંગણવાડીના બાળકોને નાસ્તો આપતા કીચનની ચકાસણી

રાજકોટ:મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, ડે.કમિશનર સી.કે. નંદાણી, આઈ.સી.ડી.એસ. સમિતિના ચેરમેન કેતનભાઈ ઠુંમર, વાઈસ ચેરમેન અલ્પાબેન દવે તથા પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા તા. ૧૦ના રોજ અઠવાડિક નાસ્તાના મેનુનું નિદર્શન તેમજ પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પારસ એગ્રો સોસાયટી



કિચનની મુલાકાત લેવામાં આવી હતી.

અહીંથી આંગણવાડીઓમાં અભ્યાસ કરતા ૩ થી ૬ વર્ષના ૩૬૪ બાળકોને અઠવાડિક નાસ્તો પૂરો પાડવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન સોમવારથી શનિવાર સુધી બાળકોને આપવામાં આવતા વિવિધ નાસ્તાના મેનુનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોર્પોરેટરો, અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# નવા યુગ તરફ ભારતની ઉડાન

આજનો સમય પરિવર્તનનો છે. જૂની વ્યવસ્થાઓ બદલાઈ રહી છે. નવા વિચારો સમાજને આગળ લઈ જઈ રહ્યા છે. મોબાઇલ ફોન ખેડૂતના હાથમાં પણ જ્ઞાન પહોંચાડે છે. ડિજિટલ સેવાઓ ગામડાં સુધી વિસ્તરી છે. યુવા પેઢી નવા સપના જોઈ રહી છે. આ સપનાને સાકાર કરવા માટે તકો પણ વધી રહી છે. આપણે આ તકને ઓળખવી પડશે. સકારાત્મક દૃષ્ટિકોણથી જ પ્રગતિ શક્ય છે. આ લેખમાં આપણે વર્તમાન બદલાવને સરળ રીતે સમજીશું.ગંભીર રોગોની વહેલી ઓળખ જીવનદાયી બને છે. એક મિનિટથી પણ ઓછા સમયમાં તપાસ થાય તે કલ્પના બહારની વાત હતી. હવે તે વાસ્તવિકતા બની રહી છે. આનાથી સારવારનો ખર્ચ ઘટશે. દર્દીના પરિવારને માનસિક રાહત મળશે. ડોક્ટરો ઝડપથી નિર્ણય લઈ શકશે. પ્રાથમિક કેન્દ્રોમાં આ સુવિધા પહોંચે તે આવશ્યક છે. આરોગ્ય કર્મચારીઓને તાલીમ આપવી પડશે. સ્વસ્થ નાગરિક જ સમૃદ્ધ રાષ્ટ્રનો પાયો છે.વાહન વ્યવહારમાં વીજળીનો ઉપયોગ વધી રહ્યો છે. તેનાથી ધુમાડો ઓછો થાય છે. પરંતુ મહત્વના ચુંબકીય ભાગો માટે બહારના દેશો પર આધાર છે. હવે દેશી ટેકનોલોજીથી તે બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સફળ થાય તો ઉત્પાદન સ્વસ્તું થશે. વધુ લોકો તેનો ઉપયોગ કરશે. શહેરોની હવા ચોખ્ખી થશે. ગ્રામીણ વિસ્તારોમાં ચાર્જિંગ સુવિધા વધારવી પડશે. સ્વચ્છ પરિવહન એ સમયની માંગ છે.

બજારમાં નવો વિશ્વાસ જોવા મળી રહ્યો છે. નાના વેપારીઓ ડિજિટલ માધ્યમ અપનાવી રહ્યા છે. મહિલાઓ સ્વરોજગાર તરફ આગળ વધી રહી છે. સરકારી યોજનાઓનો લાભ છેવાડા સુધી પહોંચી રહ્યો છે. ઉત્પાદન વધી રહ્યું છે. નિકાસમાં પણ સુધારો થઈ રહ્યો છે. આ બધું અર્થતંત્રને મજબૂતી આપે છે. સામાન્ય પરિવારની આવક વધે તે જ સાચી પ્રગતિ છે.ગુજરાત ધીમે ધીમે નાણાકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની રહ્યું છે. આધુનિક શહેરમાં વિશ્વ કક્ષાની સુવિધાઓ ઊભી થઈ છે. વિદેશી સંસ્થાઓ અહીં રોકાણ કરવા ઉત્સુક છે. સ્થાનિક યુવાનોને આંતરરાષ્ટ્રીય કક્ષાનું કામ મળશે. કૌશલ્ય વિકાસ પર ભાર મૂકવો પડશે. બેંકિંગ ક્ષેત્રમાં પારદર્શિતા વધશે. આ વિકાસ રાજ્યની સાથે દેશને પણ લાભ આપશે.ભવિષ્યની સમસ્યાઓને સમજવા માટે અભ્યાસ જરૂરી છે. નવી પ્રયોગશાળા જોખમોનું મૂલ્યાંકન કરશે. કુદરતી આપત્તિઓ સામે તૈયારી વધશે. વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રુચિ વધશે. શિક્ષણ માત્ર પરીક્ષા પૂરતું નહીં રહે. પ્રયોગશીલતા વધશે. ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે સેતુ બનશે. જ્ઞાનનો સમાજને સીધો લાભ મળશે.જાહેર હોસ્પિટલોમાં જગ્યાની તંગી મોટી તકલીફ છે. અનેક દર્દીઓ વરંડામાં સારવાર લે છે. નવા પથારીઓ વધવાથી રાહત મળશે. સારવાર ઝડપી બનશે. ચેપનું જોખમ ઘટશે. તબીબો વધુ ધ્યાન આપી શકશે. ગરીબોને મફત અને ગુણવત્તાયુક્ત સારવાર મળશે. આરોગ્ય સેવા માનવતાનું સૌથી મોટું કાર્ય છે.

વેપારી સમુદાયની મોટી બેઠક રાજધાનીમાં યોજાવાની છે. તેમાં નવા વિચારો રજૂ થશે. યુવા ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન મળશે. વિદેશી મહેમાનો ભારતીય બજારને સમજશે. સહયોગના નવા રસ્તા ખુલશે. રોજગારી વધશે. આવા સંવાદો અર્થતંત્રને જીવંત રાખે છે. સૌએ સાથે મળીને આગળ વધવાનું છે.મોટા શહેરો તરફ દોટ મૂકવાને બદલે હવે નાના કેન્દ્રો વિકસી રહ્યા છે. સ્થાનિક હસ્તકલાને પ્રોત્સાહન મળી રહ્યું છે. ખેત પેદાશોને સીધું બજાર મળી રહ્યું છે. યુવાનો પોતાના ગામમાં રોકાઈને કમાઈ રહ્યા છે. પરિવારો સાથે રહી શકે છે. સંસ્કૃતિ જળવાઈ રહે છે. સમાન વિકાસથી દેશ મજબૂત બને છે.એકંદરે ભવિષ્ય ઉજ્જવળ દેખાઈ રહ્યું છે. દરેક ક્ષેત્રમાં હકારાત્મક સંકેતો છે. છતાં બેદરકારી ન ચાલે.

# સુશાસનના ૫ વર્ષ : મહેસૂલી સુધારાથી રાજ્યના નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઇ

## રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મહત્વપૂર્ણ સુધારા કર્યા

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ ૫ વર્ષ પૂર્ણ કર્યા છે. રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે "ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ" અને "ઈઝ ઑફ લિવિંગ"ને મજબૂતી આપે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઈ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઈ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથો સાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ૩૪ જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

સુધારા વિધેયકમાં ૧૯૪૭ થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ-વિનિયમિત કરવામાં આવશે. આ વિધેયકમાં ઉમેરવામાં આવેલી નવી કલમ-૫(૪)નો ઉપયોગ કરી રાજ્ય સરકાર દ્વારા તમામ લોકલ એરીયામાં એક સમાન ક્ષેત્રફળ ૧૦ ગુંઠા (૧૦૧૨ ચો.મી) નક્કી કરેલ છે. આ સુધારાથી જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે. શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણ મુક્ત થશે અને સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ મળશે.મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેક્નોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્ષક અને ઝડપી બની છે. ગરવી ૨.૦ પોર્ટલના રાજયવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઇન અને ફેસલેસ બનાવવામાં આવી છે. જન સેવા અને ઈ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને ઊઇ કોડવાળી નકલો (VF-6, VF-7, 8A) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સીટી સરવે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઇન માધ્યમથી ઈ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે. જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગત ઁઇછ પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે.મહેસૂલ વિભાગે ISROની અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી રાજ્યના સમગ્ર ભૂભાગનું ઉચ્ચ રિઝોલ્યુશન ક્ષમતા સાથે મેપિંગ હાથ ધર્યું છે. આ પહેલ અંતર્ગત સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો, લીઝ પર આપેલી જમીનનો દુરુપયોગ અને મર્યાદા બહારના ખનન (Mining) જેવી પ્રવૃત્તિઓ પર સચોટ દેખરેખ રાખવામાં આવે છે. AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને મશીન લર્નિંગ ટેકનોલોજી દ્વારા કોઈપણ અનધિકૃત ફેરફાર થતાં જ ઁઇછ' અને 'ઈ ઢ્રૈકઞિ' પર સ્વચાલિત (Automatic) એલર્ટ જનરેટ થાય છે, જેનાથી જમીન પર ત્વરિત કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય છે.

## ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની



જમીન સંપાદનની કામગીરીને ઝડપી બનાવવા માટે ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ કરવામાં આવ્યું છે જેના લીધે રાજ્યના જાહેર ક્ષેત્રના મહત્વના પ્રોજેક્ટ્સમાં જમીન સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વડોદરા-મુંબઇ એક્સપ્રેસ વે, આબુરોડ-તારંગા હિલ રેલવે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્વના પ્રોજક્ટ્સમાં સફળતાપૂર્વક જમીન સંપાદન થવાથી ખેડૂતોને ઝડપથી વળતર મળી રહ્યું છે.

- ઈનામી કાયદા હેઠળ કબ્જા નિયમબધ્ધ કરવામાં આવ્યા. પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- અરજદારોના ફીડબેકના આધારે સેવા વિતરણમાં સુધારો કરવા માટે 'ફીડબેક સેન્ટર'ની શરૂઆત
- ખેતી હેતુ નવી અને અવિભાજય શરત, પ્રતિબંધિત સત્તા પ્રકાર અથવા નિયંત્રિત સત્તા પ્રકારની તમામ જમીનો જૂની શરતની ગણવાનો અને ખેતી-બિનખેતી હેતુફેર માટે કોઈપણ પ્રકારના પ્રિમીયમની વસુલીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય
- જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર - તા. ૧/૫/૧૯૬૦ પછી તમામ જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનો ખેડૂતલક્ષી હકારાત્મક નિર્ણય
- બિનખેતીના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર વર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- પ્રવર્તમાન જંત્રી ભાવના ૧૦% પ્રિમીયમ વસુલ સાતે રિવાઈઝ બિનખેતી પરવાનગી આપવાનો નિર્ણય
- ખેડૂત ખરાઈ માટે હવે ૦૬/૦૪/૧૯૯૫ પહેલાનો રેકોર્ડ તપાસવાની જરૂર રહેશે નહી
- ગ્રીન હાઇડ્રોજન નીતિ ૨૦૨૩: રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવાની નીતિ અમલમાં મૂકી
- બિનખેતી (NA) પ્રક્રિયામાં છૂટછાટ: રિન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેક્ટ્સ માટે ખાનગી અને સરકારી જમીનમાં 'ડીમ્ડ એન.એ.' પરવાનગીનો લાભ આપવાની જોગવાઈ
- સરકારી જમીન ફાળવણીની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા માટે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સત્તામર્યાદામાં વધારો કરાયો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ 2047 માટે વિકસિત ગુજરાત નિર્માણની યાત્રા વધુ વેગવાન બનશે. ગુજરાતમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને "કમ્ફર્ટ ઓફ ડુઈંગ બિઝનેસ" અને મેક્ઝિમમ ગવર્નન્સ-મિનિમમ ગવર્નમેન્ટ ચરિતાર્થ થશે.

# મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુણવત્તાસભર અને સુલભ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત થઈ

## PMJAY-MA હેઠળ રાજ્યના નાગરિકોને મળતી આરોગ્ય સહાય ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષોમાં જન આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત, સુલભ અને ટેક્નોલૉજી આધારિત સેવાઓના વિસ્તરણ માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે અનેક પરિવર્તનકારી પહેલો હાથ ધરી હતી. આ પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આરોગ્યસેવાઓની પહોંચ વધારવાની સાથે રોગનિવારણ, સમયસર નિદાન અને અસરકારક સારવાર પર પણ ભાર મૂક્યો છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી આરોગ્ય સહાય ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવી છે. રાજ્યમાં અત્યારસુધીમાં ૨.૯૨ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય બન્યું છે. અત્યારસુધીમાં ૧.૧૫ કરોડ ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

નમોશ્રી યોજના હેઠળ અત્યારસુધીમાં ૮ લાખથી વધુ મહિલાઓને કુલ ૫૪૦ કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે. માતૃત્વ અને બાળ આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે નોંધપાત્ર કામગીરી કરી છે. રાજ્યમાં ૯૯.૯૭% સંસ્થાકીય ડિલિવરી દર નોંધાયો છે, જેના પગલે ગુજરાતે રાષ્ટ્રીય બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. "વર્લ્ડ ઓબેસિટી ડે"ના દિવસે ગુજરાતમાં "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૩૧,૦૨૧ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે ૫,૭૬,૩૪૪ પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.મિશન ઈન્દ્રધનુષના અત્યારસુધીના તમામ તબક્કાઓ હેઠળ રાજયમાં ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભા મહિલાઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMSનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, જેના પગલે રાજ્યમાં ઉચ્ચસ્તરીય આરોગ્યસેવાઓની સુવિધામાં વધારો થયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં દેશના પ્રથમ ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે.

ગુજરાતના નાગરિકોને આરોગ્યલક્ષી સેવા-સુવિધાઓનું એક જ છત્ર હેઠળ મોનિટરિંગ અને સમીક્ષા મળી રહે તે માટે 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર'નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઈમરજન્સી આરોગ્યસેવાને વધુ સક્ષમ બનાવવા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ હેઠળ ૬૧૭ નવી તેમજ હોસ્પિટલો ખાતેની એમ્બ્યુલન્સને સંકલિત કરવામાં આવી છે, જેના પગલે રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સની કુલ સંખ્યા ૧,૪૫૫ થઈ છે.આદિજાતિ વિસ્તારના નાગરિકોના આરોગ્ય માટે ટ્રાઈબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પહેલથી આદિજાતિ વિસ્તારોમાં આરોગ્ય સંબંધિત સંશોધન અને રોગોના સમયસર નિદાનને પ્રોત્સાહન મળશે.




# ગણેશ મહોત્સવ : ભક્તિ સાથે સંસ્કારનો સંદેશ

**ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં તહેવારો માત્ર આનંદ અને મનોરંજનના પ્રસંગો નથી. દરેક તહેવારની પાછળ કોઈ ઊંડો જીવનસંદેશ છુપાયેલો હોય છે. ધાર્મિક પરંપરા સાથે જીવનને વધુ સારું બનાવવાની પ્રેરણા આપતા આવા પર્વો ભારતીય સમાજને પેઢી દર પેઢી સંસ્કાર આપતા આવ્યા છે. ભગવાન ગણેશનો મહોત્સવ પણ આવો જ પવિત્ર અને લોકપ્રિય તહેવાર છે.**

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

ગણેશજીને વિઘ્નહર્તા, બુદ્ધિના દેવ અને શુભ કાર્યના આરાધ્ય દેવ તરીકે પૂજવામાં આવે છે. કોઈપણ શુભ કાર્યની શરૂઆત પહેલાં ગણેશજીનું સ્મરણ કરવાની પરંપરા આપણા સમાજમાં પ્રાચીન સમયથી ચાલી આવે છે. ગણેશ ચતુર્થીના પાવન પર્વે જ્યારે ગણેશજીની સ્થાપના થાય છે ત્યારે વાતાવરણમાં ભક્તિ, આનંદ અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળે છે. ઘરોમાં પૂજા થાય છે અને જાહેર સ્થળોએ પણ ગણેશજીની સ્થાપના કરીને સામૂહિક રીતે આરાધના કરવામાં આવે છે.

ગણેશ મહોત્સવની સાચી સુંદરતા તેની ભવ્યતા કરતાં તેની ભાવનામાં છે. ભગવાન ગણેશનું સ્વરૂપ જ આપણને જીવન જીવવાની અનેક શીખ આપે છે. તેમનું વિશાળ મસ્તક વિશાળ વિચારશક્તિનું પ્રતીક છે. મોટા કાન આપણને વધુ સાંભળવાની અને બીજાની વાત સમજવાની પ્રેરણા આપે છે. નાની આંખો એકાગ્રતા અને લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની શીખ આપે છે. ગણેશજીનું વાહન ઉંદર પણ માનવ સ્વભાવની નાની-મોટી ઈચ્છાઓ પર નિયંત્રણ રાખવાનો સંકેત આપે છે તેવી અર્થસભર વ્યાખ્યા કરવામાં આવે છે.

આજના ઝડપી જીવનમાં આ સંદેશ અત્યંત મહત્વનો બની ગયો છે. માણસ પાસે માહિતી ઘણી છે, પરંતુ સમજણ માટેનો સમય ઓછો છે. વાત કરવાની ઉતાવળ વધી છે, સાંભળવાની ધીરજ ઘટી છે. દરેક ક્ષેત્રમાં આગળ નીકળવાની સ્પર્ધામાં માણસ ક્યારેક પોતાના અંતરનો અવાજ પણ સાંભળી શકતો નથી. આવી સ્થિતિમાં ગણેશ મહોત્સવ આપણને થોભીને વિચારવાની તક આપે છે.

ગણેશજીની આરાધના માત્ર બહારની મૂર્તિ સામે દીવો પ્રગટાવવાથી પૂર્ણ થતી નથી. સાચી ભક્તિ ત્યારે છે જ્યારે આપણે પોતાના જીવનમાં સારા વિચારોને સ્થાન આપીએ. ક્રોધ ઓછો કરીએ, અહંકારથી દૂર રહીએ, બીજાની લાગણી સમજીએ અને મુશ્કેલીમાં પણ ધીરજ જાળવીએ. ભગવાનને પ્રસન્ન કરવાની સૌથી સુંદર રીત સારા કર્મો છે.

ગણેશ મહોત્સવ સામાજિક એકતાનો પણ ઉત્તમ પ્રસંગ છે. સમાજના જુદા જુદા વર્ગના લોકો એક જગ્યાએ ભેગા થાય છે. બાળકોમાં ઉત્સાહ હોય છે, યુવાનો આયોજનમાં જોડાય છે અને વડીલો માર્ગદર્શન આપે છે. આ રીતે તહેવાર પેઢીઓને જોડવાનું કામ કરે છે. આજના સમયમાં જ્યાં લોકો પોતાના જીવનમાં એટલા વ્યસ્ત બની ગયા છે કે પડોશીને ઓળખવાનો સમય પણ મળતો નથી, ત્યાં આવા સામૂહિક પ્રસંગો માનવીય સંબંધોને મજબૂત બનાવી શકે છે.

પરંતુ સામૂહિક ઉત્સવની સાથે જવાબદારી પણ જોડાયેલી છે. ભક્તિનો અર્થ પ્રકૃતિને નુકસાન પહોંચાડવો નથી. ગણેશજીની મૂર્તિની સ્થાપના અને વિસર્જન એવી રીતે થવું જોઈએ કે જળસ્રોતો અને આસપાસનું પર્યાવરણ પ્રદૂષિત ન થાય. સરળ, પર્યાવરણમૈત્રી મૂર્તિઓનો ઉપયોગ અને યોગ્ય વિસર્જન પદ્ધતિ અપનાવવાથી ભક્તિ અને પર્યાવરણ બંનેનું જતન થઈ શકે છે.

ઉત્સવ દરમિયાન ધ્વનિ પ્રદૂષણનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. ભક્તિમાં આનંદ હોવો જોઈએ, પરંતુ એ આનંદ અન્ય લોકો માટે તકલીફનું કારણ ન બને. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બીમાર લોકોની મુશ્કેલીને ધ્યાનમાં રાખીને મર્યાદિત અવાજમાં કાર્યક્રમો યોજવા જોઈએ. ધાર્મિક ઉત્સવની પવિત્રતા જાળવવી એ સૌની સામૂહિક ફરજ છે.ગણેશ મહોત્સવને સમાજસેવા સાથે જોડવામાં આવે તો તેની અસર અનેકગણી વધી શકે છે. ગણેશ મંડળો દ્વારા સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ, રક્તદાન, જરૂરિયાતમંદોને સહાય, વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન અને આરોગ્ય જાગૃતિ જેવા કાર્યક્રમો યોજી શકાય. આવા કાર્યોમાં ભગવાન ગણેશની ભક્તિનો માનવીય અર્થ પ્રગટ થાય છે.

ખાસ કરીને યુવાનોને ઉત્સવના આયોજનમાં સર્જનાત્મક અને રચનાત્મક ભૂમિકા આપવી જોઈએ. મોંઘી સજાવટ અને દેખાવ પાછળ ખર્ચ કરવાને બદલે સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓમાં શક્તિ અને નાણાંનો ઉપયોગ થાય તો તહેવારનું મૂલ્ય વધે. એક નાનો સેવા કાર્ય પણ કોઈ જરૂરિયાતમંદના જીવનમાં મોટો પ્રકાશ લાવી શકે છે.



ભગવાન ગણેશને વિઘ્નહર્તા કહેવામાં આવે છે. પરંતુ જીવનના વિઘ્નો દૂર કરવા માટે માણસે પણ પોતાની જવાબદારી નિભાવવી પડે છે. મુશ્કેલી આવે ત્યારે ગભરાઈ જવું નહી, યોગ્ય વિચાર કરવો, ધીરજ રાખવી અને સતત પ્રયત્ન કરવો—આ જ જીવનની સાચી સાધના છે. ગણેશજીની આરાધના આપણને આંતરિક શક્તિ અને વિવેક તરફ લઈ જાય ત્યારે તેનો હેતુ સફળ બને છે.

ગણેશ મહોત્સવ થોડા દિવસોનો હોય છે, પરંતુ તેનો સંદેશ આખું વર્ષ જીવંત રહી શકે છે. મૂર્તિનું વિસર્જન થાય છે, પરંતુ ભક્તિનું વિસર્જન ન થવું જોઈએ. મંડપ દૂર થઈ જાય, પરંતુ સારા વિચારો આપણા જીવનમાં ટકી રહેવા જોઈએ.

આ વર્ષે એવો ગણેશ મહોત્સવ ઉજવીએ જેમાં શ્રદ્ધા હોય, પરંતુ અંધ દેખાવ ન હોય; આનંદ હોય, પરંતુ અતિશયતા ન હોય; ઉત્સાહ હોય, પરંતુ પ્રકૃતિને નુકસાન ન થાય; ભક્તિ હોય અને સાથે માનવસેવાની ભાવના પણ હોય. ભગવાન ગણેશનું આગમન માત્ર આપણા ઘરમાં નહીં, આપણા વિચારોમાં થાય અને આપણા જીવનમાંથી અજ્ઞાન, અહંકાર, અસહિષ્ણુતા અને નિરાશાના વિઘ્નો દૂર થાય એ જ ગણેશ મહોત્સવની સાચી ઉજવણી છે.

# મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલના પાંચ વર્ષ પૂર્ણ

## છેવાડાના માનવી સુધી પહોંચ્યો વણથંભ્યો વિકાસ

**વિકાસના પાંચ સ્તંભ પર આધારિત રૂ.૪.૦૮ લાખ કરોડનું રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું બજેટ**

**સમાનતા, ન્યાય અને એકતાના સંકલ્પને મજબૂત બનાવતું સમાન નાગરિક સંહિતા બિલ ગુજરાતમાં પસાર**

**ગુજરાત બન્યું વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું હબ, વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે તૈયાર**

**પ્રાદેશિક આકાંક્ષાઓ અને વૈશ્વિક મહત્વાકાંક્ષાઓની થીમ પર ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું સફળ આયોજન**

**મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં ભરી રહ્યું છે હરણફાળ**

ગાંધીનગર,

૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થયા છે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ પ્રાપ્ત કરીને નાગરિકોની સુખાકારીમાં વધારો કર્યો છે. રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું ૪.૦૮ લાખ કરોડનું બજેટ, સેમિકન્ડક્ટર અને રિન્યુએબલ એનર્જી જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં સક્રિય ભાગીદારી, આધુનિક શહેરી અને ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ વર્તમાન સમયની જરૂરિયાત પ્રમાણે વહીવટી સુધારાઓએ ગુજરાતની વિકાસયાત્રાને નવી દિશા આપી છે. આ પાંચ વર્ષની સફર માત્ર આંકડાકીય સિદ્ધિઓ પૂરતી સીમિત નથી, પરંતુ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટેનો રોડમેપ બની છે.

**૧૯ નીતિઓથી ભવિષ્યના ક્ષેત્રો માટે મજબૂત પાયાનું નિર્માણ**

રાજ્યના વિકાસને નવી ગતિ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૯ મહત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે. સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રોનિક્સ, સ્પેસટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ, ડેટા સેન્ટર્સ, શિપબિલ્ડિંગ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપતી નીતિઓના કારણે ગુજરાતે ઉભરતા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરી છે.

**પ્રાદેશિક વિકાસને વેગ: VGRCમાં ૧૭.૪ લાખ કરોડના રૈ**

વૈશ્વિક રોકાણ અને ઔદ્યોગિક વિકાસને રાજ્યના વિવિધ ક્ષેત્રો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી ચાર વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિઝનું આયોજન કરવામાં આવ્યું. આ ચાર પરિષદોમાં કુલ ૧૭.૪ લાખ કરોડના રોકાણ માટે MoU થયા છે. પ્રાદેશિક સ્તરે રોકાણ અને રોજગારીની તકો વધારવા માટે ગુજરાતે કરેલી આ પહેલના પરિણામે રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસને વધુ મજબૂતી આપી છે.


**સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતની મોટી સિદ્ધિ: ૬ પ્લાન્ટ મંજૂર, ૩ કાર્યરત**

સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતે દેશના અગ્રણી રાજ્ય તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી છે. રાજ્યમાં કુલ ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સને મંજૂરી મળી છે, જેમાંથી ત્રણ પ્લાન્ટ વ્યવસાયિક ધોરણે કાર્યરત થઈ ચૂક્યા છે. સેમિકન્ડક્ટરથી લઈને AI અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ સુધીના ક્ષેત્રોમાં ગુજરાત ભવિષ્યની ટેક્નોલોજી આધારિત અર્થવ્યવસ્થા માટે પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે.

**UCCથી વહીવટી સુધારા સુધી: ગુજરાતમાં સુશાસન બન્યું મજબૂત**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC) બિલ પસાર કરવામાં આવ્યું છે, જે સમાનતા, ન્યાય અને એકતાના સંકલ્પને વધુ મજબૂત બનાવે છે. સાથે જ નાગરિક સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવા અનેક વહીવટી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. 'સુગમ ડિજિટલ ગુજરાત'ના માધ્યમથી સરકારી સેવાઓને પેપરલેસ, કેશલેસ અને ફેસલેસ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે.

**GRIT અને GARCથી ગવર્નન્સ ૨.૦ તરફ ગુજરાતની આગેકૂચ**



નીતિ આયોગની પેટર્ન પર 'ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન' (GRIT)ની રચના કરવામાં આવી છે. વહીવટી તંત્રની કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા ગુજરાત વહીવટી સુધારણા પંચ (GARC)ની પણ રચના કરવામાં આવી છે. આ વિકાસલક્ષી અને વિઝનરી પહેલો દ્વારા ડેટા આધારિત નીતિ નિર્માણ, કાર્યક્ષમ વહીવટ અને પરિણામલક્ષી શાસનને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ થયા છે.

**'વિકસિત ગુજરાત @2047'નો ગુજરાતનો રોડમેપ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047'ના વિઝનને અનુરૂપ 'વિકસિત ગુજરાત @2047'નો રોડમેપ તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. લાંબા ગાળાના આ વિઝન દ્વારા ગુજરાતને આર્થિક રીતે સક્ષમ, ટેક્નોલોજીથી સજ્જ અને સર્વસમાવેશી વિકાસ સાથેના એક મજબૂત રાજ્ય તરીકે વિકસાવવાની દિશા નક્કી કરવામાં આવી છે.

**શહેરી વિકાસને પ્રાથમિકતા: વર્ષ ૨૦૨૫ની 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવણી**

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શહેરી વિકાસના વિઝનને આગળ લઈ જતા વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યના શહેરોને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા આધુનિક અને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે. શહેરી પરિવહન, સુવિધાઓ અને નાગરિક સેવાઓમાં સુધારા સાથે શહેરોમાં 'ઈઝ ઑફ લિવિંગ' વધારવાની દિશામાં કામગીરી કરવામાં આવી છે.

**યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ**

યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે અનેક કલ્યાણલકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યની દીકરીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે 'નમો લક્ષ્મી યોજના' શરૂ કરવામાં આવી છે. ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અમલમાં છે. પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન ઉપરાંત પોષણયુક્ત અલ્પાહાર મળે તે માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના' અને સગર્ભા માતાઓના આરોગ્ય તથા પોષણ માટે 'નમો શ્રી યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

**મહેસૂલી સુધારાથી નાગરિક સેવાઓ બની ઝડપી**

નાગરિકોને સરકારી પ્રક્રિયાઓમાં સરળતા મળે અને સેવાઓ વધુ ઝડપી બને તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મહત્વપૂર્ણ મહેસૂલી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે. ટેક્નોલોજીના ઉપયોગ અને પ્રક્રિયાઓને સરળ બનાવીને નાગરિક કેન્દ્રિત વહીવટને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે.

**આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોની સફળ યજમાનીથી વૈશ્વિક મંચ પર ગુજરાતની પ્રતિષ્ઠા વધી**

ગુજરાતે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૪-૨૦ બેઠકો, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને RE-Invest 2024 જેવા મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોનું સફળ આયોજન કર્યું છે. આ કાર્યક્રમોએ ગુજરાતની વૈશ્વિક રોકાણ, વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે વધતી ભૂમિકાને વધુ મજબૂત બનાવી છે. હવે વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે પણ ગુજરાત તૈયાર છે.

**રિન્યુએબલ એનર્જીથી AI સુધી: ભવિષ્યના ક્ષેત્રોમાં અગ્રેસર બની રહ્યું છે ગુજરાત**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં અગ્રેસર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ઉદ્યોગ, રોકાણ, ટેક્નોલોજી, શિક્ષણ, આરોગ્ય, શહેરી વિકાસ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં થયેલા વિકાસને કારણે ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં સર્વાંગી વિકાસનો નવો અધ્યાય લખ્યો છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત બન્યું ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રનું હબ

**ગુજરાતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે ૧૩.૬૬ બિલિયન ડૉલરથી વધુનું રોકાણ, ગુજરાતમાં ૬ પ્રોજેક્ટ મંજૂર**

ગાંધીનગર,

મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસના અનેક નવા આયામો સર કર્યા છે, જેમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતનો ઉદય સૌથી નોંધપાત્ર સિદ્ધિ છે. ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં વિશ્વસનીય ભાગીદાર બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત આજે ભારતના અગ્રણી સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે.

રાજ્યમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે ૧૩.૬૬ બિલિયન અમેરિકન ડૉલરથી વધુનું રોકાણ આવ્યું છે. ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા કુલ ૧૨ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાંથી ૬ પ્રોજેક્ટ્સ ગુજરાતમાં છે. આ આંકડો માત્ર રોકાણની દૃષ્ટિએ જ નહીં, પરંતુ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજિંગ, ડિઝાઈન અને સંશોધન ક્ષેત્રે ગુજરાતની વધતી ક્ષમતાનો પણ પુરાવો છે.

ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનું સૌથી મહત્વપૂર્ણ કેન્દ્ર સાણંદ અને ધોલેરા બની રહ્યા છે. સાણંદ ખાતે માઈક્રોન ટેક્નોલોજીની DRAM અને NAND મેમરી ચિપ્સ માટેની અત્યાધુનિક ATMP સુવિધા વ્યાવસાયિક ધોરણે કાર્યરત છે. આ ઉપરાંત સાણંદમાં સીજી પાવર, રેનેસાં અને સ્ટાર્સ માઈક્રોઈલેક્ટ્રોનિક્સની અદ્યતન OSAT સુવિધા



તેમજ કેઈન્સ સેમિકોનની હાઈ-એન્ડ ચિપ પેકેજિંગ આધારિત OSAT સુવિધા પણ વ્યાવસાયિક ધોરણે કાર્યરત છે. આમ, ગુજરાતમાં હવે માત્ર ચિપ ઉત્પાદન જ નહી, પરંતુ ચિપની એસેમ્બલી, ટેસ્ટિંગ અને પેકેજિંગ માટેની સંપૂર્ણ ક્ષમતા વિકસી રહી છે.

ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ભારતમાં પ્રથમ વ્યાવસાયિક સેમિકન્ડક્ટર ફેબનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અહી ૧૧૦ થી ૨૮ નેનોમીટર પ્રોસેસ નોડ્સનો ઉપયોગ કરીને CMOS લોજિક ચિપ્સનું ઉત્પાદન કરવામાં આવશે. ધોલેરા ખાતે ક્રિસ્ટલ મેટ્રિક્સ દ્વારા ભારતનું પ્રથમ વ્યાવસાયિક મિનિ અને માઈક્રો એલઈડી ડિસ્પ્લે ફેબ્રિકેશન તથા પેકેજિંગ યુનિટ પણ વિકસાવવામાં આવી રહ્યું છે. તે સિવાય સુરતમાં સુચિ સેમિકોન દ્વારા નાના પાયે ઉત્પાદન શરૂ કરીને સંપૂર્ણ કક્ષાની OSAT સુવિધા તરફ વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે.

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે જરૂરી વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. વિશાળ જમીનના પાર્સલ, વિશ્વસનીય વીજળી અને પાણી પુરવઠો, પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓ તથા બંદરો, એરપોર્ટ, એક્સપ્રેસવે અને દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર સાથેની કનેક્ટિવિટી ધોલેરાને સેમિકન્ડક્ટર રોકાણ માટે આકર્ષક સ્થળ બનાવે છે.

ગુજરાત સરકારે સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે વિશેષ પ્રોત્સાહનો પણ જાહેર કર્યા છે. કેન્દ્ર સરકારની CAPEX સહાય ઉપરાંત ૪૦ ટકા વધારાની મૂડી રોકાણ સહાય, FAB પ્રોજેક્ટ માટે જરૂરી પ્રથમ ૨૦૦ એકર જમીન પર ૭૫ ટકા સબસિડી, સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીનું ૧૦૦ ટકા વળતર તેમજ ૧૦ વર્ષ સુધી પ્રતિ યુનિટ રૂ.૨ની પાવર ટેરિફ સબસિડી જેવી જોગવાઈઓ રાજ્યની રોકાણકારો માટે અનુકૂળ નીતિને દર્શાવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે માત્ર રોકાણ મેળવવા પર જ ધ્યાન નથી આપ્યું, પરંતુ જરૂરી કૌશલ્ય ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા પર પણ ભાર મૂક્યો છે. PDEU દ્વારા માઈક્રોન ટેક્નોલોજીના સહયોગથી ATMP તાલીમ કેન્દ્ર વિકસાવવામાં આવી રહ્યું છે. GTU ખાતે ChipIN એક્સ્ટેન્શન સેન્ટર અને સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવામાં આવી રહી છે, જ્યાં વિદ્યાર્થીઓને VLSI ડિઝાઈન અને ચિપ ડિઝાઈનની સમગ્ર પ્રક્રિયાની તાલીમ મળશે. ધોલેરા ITI ખાતે સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે ભારતનો પ્રથમ UHP વેલ્ડિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. MeitY અને DST ગુજરાતના સહયોગથી IIT ગાંધીનગરમાં અદ્યતન સેમિકન્ડક્ટર ઉત્પાદન સંશોધન અને તાલીમ માટે સમર્થ કેન્દ્રની સ્થાપના પણ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને વિકસિત ભારતના વિઝન સાથે કદમ મિલાવીને ગુજરાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે જે ગતિ પ્રાપ્ત કરી છે તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના પાંચ વર્ષના કાર્યકાળની મહત્વપૂર્ણ સિદ્ધિ બની છે. એક સમયે સેમિકન્ડક્ટર માટે વૈશ્વિક સપ્લાય ચેઈન પર નિર્ભર ભારત આજે આ ક્ષેત્રમાં ઉત્પાદન ક્ષમતા વિકસિત કરી રહ્યું છે અને આ પરિવર્તનમાં ગુજરાત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત બનશે દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ

**'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ ૨૦૨૬-૨૯' જાહેર : નીતિમાં ૫૧% ગ્રીન એનર્જીનો ઉપયોગ અને ડીસેલીનેશન પ્લાન્ટ દ્વારા પાણી પુરવઠો સુનિશ્ચિત કરી સસ્ટેનેબિલિટી પર વિશેષ ભાર**




ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ ૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પાંચ વર્ષના સુશાસન દરમિયાન રાજ્યએ આર્થિક, ઔદ્યોગિક અને ભવિષ્યલક્ષી ટેક્નોલોજી ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. રાજ્યને ભવિષ્યલક્ષી ટેક્નોલોજીથી સજ્જ કરવા માટે મુખ્યમંત્રી દ્વારા તાજેતરમાં જ 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ ૨૦૨૬-૨૯' જાહેર કરવામાં આવી છે, જે ગુજરાતને ટેક્નોલોજી ક્ષેત્રે એક મજબૂત વૈશ્વિક કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે હંમેશાં ભવિષ્યની ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી માર્ગદર્શનમાં ભારતને ડિજિટલ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના ગ્લોબલ હબ બનાવવાના વિઝનને આ નવી નીતિ આગળ ધપાવશે. પર્યાવરણની જાળવણી સાથે વિકાસના મંત્રને સાર્થક કરતા આ ડેટા સેન્ટર્સ માટે ૫૧ ટકા ગ્રીન એનર્જીનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. ખેડૂતો કે અન્ય ઉદ્યોગોના ભોગે નહીં, પરંતુ દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે. ધોલેરામાં ડેટા સેન્ટર શરૂ કરવા ૨.૫ ટકા વધારાની મૂડી સહાય આપવામાં આવશે, તેમજ સ્ટેમ્પ ડ્યૂટીમાં સપૂર્ણપણે મુક્તિ આપવાની જોગવાઈ આ નીતિમાં કરવામાં આવી છે. ડેટા સેન્ટર્સ શરૂ કરવા માટે દસ વર્ષ માટે ૪ ટકા વ્યાજ સહાય તેમજ આગામી ૨૦ વર્ષ માટે પ્રતિ યુનિટ રૂ.૧ની વીજ દર સહાય આપવામાં આવશે. રાજ્ય સરકારે ડેટા સેન્ટર્સને 'આવશ્યક સેવાઓ' તરીકે માન્યતા આપી છે તેમજ આ પ્રોજેક્ટની મંજૂરી પ્રક્રિયા સરળ અને ઝડપી બને તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ નીતિ અંતર્ગત ૭.૫ ગીગા વોટ ક્ષમતાના ડેટા સેન્ટર્સ બનાવવાનું લક્ષ્યાંક છે, જેમાં ગુજરાતને ૧૦ ગીગાવોટ ક્ષમતાના પ્રસ્તાવ કંપનીઓ દ્વારા મળ્યા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના યુગમાં મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાસ કરીને ડેટા સેન્ટર્સના મહત્વને ધ્યાને રાખીને આ નીતિ બનાવવામાં આવી છે. હવે આ નવી નીતિના કારણે આગામી સમયમાં આ વિસ્તારો હાઈ-ટેક ડેટા સેન્ટરોના મુખ્ય કેન્દ્રો તરીકે ઉભરી આવશે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બન્યું ગુજરાત

**મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અંતર્ગત ૧૩,૩૫૩ નવા વર્ગખંડો, ૧.૦૯ લાખ સ્માર્ટ ક્લાસરૂમ્સ અને ૫,૦૦૦ STEM લેબ્સનું કાર્ય પૂર્ણ**






ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા, ટેક્નોલૉજી અને નવીનતા સાથે વિદ્યાર્થીઓને શિક્ષણની વધુ સારી તકો મળે તે માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શિક્ષણ ક્ષેત્રે શરૂ કરેલી પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ શાળાકીય અને ઉચ્ચ શિક્ષણ બંને ક્ષેત્રે સુવિધાઓ અને તકોનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૪માં શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને શિક્ષણ ચાલુ રાખવા માટે આર્થિક સહાય આપવામાં આવી રહી છે. યોજના શરૂ થયા બાદ અત્યારસુધીમાં ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને ૨,૧૧૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

આ ઉપરાંત, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ ૨૦૨૪-૨૫થી અત્યારસુધીમાં ૩.૫૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને ૨૯૦ કરોડની સહાય, જ્યારે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ ૨૦૨૩-૨૪થી અત્યારસુધીમાં ૧૭૬ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે. 'મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ' હેઠળ અત્યારસુધીમાં ૧૩,૩૫૩ નવા વર્ગખંડો, ૨૧,૦૦૦ નવી કમ્પ્યુટર લેબ્સ, ૧,૦૯,૦૦૦ નવા સ્માર્ટ ક્લાસરૂમ્સ અને ૫,૦૦૦ નવી STEM લેબ્સનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૪ની ભરતીમાં સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૯,૪૦૦ શિક્ષણ સહાયકો અને ૪૭૦ આચાર્યોની ભરતી કરવામાં આવી છે. સાથે જ ૨,૨૩૦ જૂના શિક્ષકોની ભરતી/બદલી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૬-૨૭માં ૨૦૦ નવી કમ્પોઝિટ, ૯૫ નવી સરકારી માધ્યમિક અને ૩ નવી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

વર્ષ ૨૦૨૬માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૨૪મી કડીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પૉલિસી' નાબૂદ કરવામાં આવી છે અને RTE હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટેની આવક મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ ૧થી ૮નો ડ્રોપઆઉટ રેટ ૩૭.૨૨ ટકા હતો, જે ૨૦૨૪-૨૫માં ઘટીને ૨.૩૫ ટકા થયો છે. સંભવિત ડ્રોપઆઉટની વહેલી ઓળખ માટે AI આધારિત અર્લી વૉર્નિંગ સિસ્ટમ (EWS) અમલમાં મૂકવામાં આવી છે. તેના દ્વારા અત્યારસુધીમાં આશરે ૧,૬૮,૦૦૦ વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શિક્ષણ પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

સર્વસમાવેશી શિક્ષણ માટે રાજ્યમાં ૩૭ નવા રિસોર્સ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં થેરાપી સાધનો, ડિજિટલ પેનલ, રેમ્પ, રેલિંગ અને CwSN ટોઈલેટ જેવી સુવિધાઓ છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં યોગ અને સ્વાસ્થ્ય શિક્ષણ માટે ૧,૧૪૧ શિક્ષકોની નવી જગ્યાઓ પણ ઊભી કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓને પોતાના વતનની નજીક ઉચ્ચ શિક્ષણની તકો મળી રહે તે માટે છેલ્લા પાંચ વર્ષમાં બિન આદિજાતિ વિસ્તારોમાં ૨૪ અને આદિજાતિ વિસ્તારોમાં ૧૭ મળી કુલ ૪૧ નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૫ સરકારી કોલેજોમાં નવા પ્રવાહો શરૂ કરાયા છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૩,૯૭,૪૧૫ વિદ્યાર્થીઓને ૨,૦૬૮.૬૭ કરોડ, જ્યારે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ ૨૪,૮૦૨ વિદ્યાર્થીનીઓને ૭૯૭.૦૧ કરોડની સહાય આપવામાં આવી છે.

પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે SHODH યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૩.૫૨ કરોડની સહાય આપવામાં આવી છે. જ્યારે SSIP 2.0 હેઠળ 6,077 Proof of Conceptને ૨.૫૦ લાખ સુધીની સહાય આપવામાં આવી છે અને વિદ્યાર્થીઓના નવીન વિચારોમાંથી ૯૬૨ સ્ટાર્ટઅપ્સ સ્થાપિત થયા છે.

# રાજકોટમાં ગણેશ સહિત ધાર્મિક મૂર્તિઓના વિસર્જન માટે કૃત્રિમ કુંડ બનાવવા માંગ

## નદી-તળાવોમાં મૂર્તિ વિસર્જનથી થતા જળ પ્રદૂષણને રોકવા ક્લીનઅપ ગ્રૂપની રજૂઆત

રાજકોટ,રાજકોટ શહેરમાં પર્યાવરણની જાળવણી સાથે ધાર્મિક લાગણીઓનું પણ સન્માન જળવાઈ રહે તે માટે ધાર્મિક મૂર્તિઓના વિસર્જન માટે શહેરના વિવિધ વિસ્તીારોમાં કૃત્રિમ કુંડ બનાવવાની માંગ સાથે 'ક્લીન અપ રાજકોટ' દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયાને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.



ક્લીરન અપ રાજકોટ દ્વારા રજૂઆતમાં જણાવાયું છે કે, તહેવારો દરમિયાન મોટી સંખ્યાવમાં ધાર્મિક મૂર્તિઓનું નદીઓ અને તળાવોમાં વિસર્જન કરવામાં આવે છે. જેના કારણે જળાશયોમાં પ્રદૂષણ વધવાની સાથે જળચર સષ્ટિ અને પર્યાવરણને નુકસાન થવાની શકયતા રહે છે.

ખાસ કરીને મૂર્તિઓમાં વપરાતા કેમિકલ રંગો તથા પ્લાસ્ટર ઓફ પેરિસ પાણીમાં ભળી જતાં પાણીની ગુણવત્તા પર પ્રતિકૂળ અસર પડે છે. આવું પ્રદૂષિત પાણી માનવ આરોગ્ય માટે પણ હાનિકારક બની શકે છે.

મૂર્તિ વિસર્જન બાદ ઘણી વખત મૂર્તિઓના અવશેષો જળાશયોના કિનારે કે જાહેર સ્થળોએ જોવા મળતા હોવાથી ધાર્મિક લાગણીઓ પણ દુભાય તેવી સ્થિતિ સર્જાય છે. આ બાબતને ધ્યા નમાં રાખીને શહેરના જુદા જુદા વિસ્તારોમાં કૃત્રિમ કુંડ બનાવવામાં આવે અને ત્યાં શ્રદ્ધાળુઓ સરળતાથી તથા ધાર્મિક વિધિ મુજબ મૂર્તિ વિસર્જન કરી શકે તેવી સુયોગ્ય વ્યવસ્થાય ઊભી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે અગાઉના સમયમાં માટીની મૂર્તિઓ અને કુદરતી રંગોનો વધુ ઉપયોગ થતો હતો, જે પાણીમાં સરળતાથી વિઘટિત થઈ જતા હતા. પરંતુ હાલ અને કેમિકલ રંગોથી તૈયાર થતી મૂર્તિઓના કારણે જળપ્રદૂષણની સમસ્યા વધી રહી છે. તેથી પર્યાવરણની જાળવણી અને ધાર્મિક પરંપરાનું સન્મા્ન બંને હેતુને ધ્યાનમાં રાખીને કૃત્રિમ વિસર્જન કુંડ એક યોગ્ય વિકલ્પત બની શકે અને દિશામાં પ્રયાસ હાથ ધરવા તથા કોઈ પણ ધાર્મિક મૂર્તિ નદી-તળાવમાં વિસર્જિત ન થાય તે માટે જરૂરી વ્યવસ્થા અને જનજાગતિ કરવા અપીલ કરવામાં આવી છે.

# હર હર મહાદેવનાં નાદ સાથે રાજકોટમાં પંચનાથ મહાદેવની વરણાંગી નીકળી



રાજકોટ, દર વર્ષની માફક ગઈકાલે અમાસના દિને પૌરાણિક પંચનાથ મહાદેવની દિવ્ય-ભવ્ય પરંપરાગત વરણાંગી નીકળી હતી. ગઈકાલે અમાસના દિને સાંજે પાંચ કલાકે પંચનાથ મહાદેવની વાજતે ગાજતે વરણાંગીનો હર હર મહાદેવ જય પંચનાથ મહાદેવના નાદ સાથે પ્રારંભ થયો હતો.વાજતે ગાજતે અબીલ-ગુલાલ છોળો સાથે ડીજેના તાલે ભાવિકો ઝુમી ઉઠ્યા હતા. વરણાંગી જયુબેલી, પરાબજાર, ધર્મેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, ત્રિકોણ બાગ, શાસ્ત્રી મેદાન થઇ રાતે પંચનાથ મંદિરે પરત ફરતાં સમાપન કરવામાં આવ્યું હતું. વરણાંગીમાં સંતો-મહંતો, રાજકીય ક્ષેત્રના આગેવાનો, હજારોની સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# રાજકોટના માંડાડુંગર ગામે આધુનિક આંગણવાડીનું કોર્પોરેટરના હસ્તે લોકાર્પણ કરાયું



રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકા દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને આરોગ્યને પ્રાથમિકતા આપી આંગણવાડી કેન્દ્રોને વધુ સુવિધાસભર બનાવવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત ઈસ્ટ ઝોનના રણછોડનગર સેજાની માંડાડુંગર-૨ આંગણવાડીનું તમામ જરૂરી સુવિધાઓ સાથે નિર્માણ કરી ગઈકાલે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

માંડાડુંગર-૨ વિસ્તારના બાળકોને વધુ સારી અને સુરક્ષિત સુવિધાઓ મળી રહે તેમજ તેમના ઉજ્જ્વળ ભવિષ્યના ઘડતર માટે નવી આંગણવાડી તૈયાર કરવામાં આવી છે. વોર્ડ નં.૬ના કોર્પોરેટર પૂનમબેન મોરવાડિયા તથા કોર્પોરેટર અનિલભાઈ ચૌહાણ દ્વારા આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આંગણવાડી માત્ર બાળકોને ભણાવવાનું સ્થળ નથી, પરંતુ બાળકના સર્વાંગી વિકાસ, પોષણ, આરોગ્ય, રમતગમત અને સંસ્કારના પાયાનું કેન્દ્ર છે. નવી આંગણવાડીમાં બાળકોને વિવિધ શૈક્ષણિક રમતો, રમતગમતની પ્રવૃત્તિઓ તથા આનંદદાયક પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવાની તક મળશે.

લોકાર્પણ પ્રસંગે બાળકોના કુમકુમ પગલાં કરાવીને આંગણવાડીમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. કોર્પોરેટર અનિલભાઈ ચૌહાણ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસના વિવિધ પાસાઓ અંગે સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી. જ્યારે પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી શારદાબેન દેસાઈ દ્વારા આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકો અને લાભાર્થીઓને આપવામાં આવતી વિવિધ સેવાઓ તેમજ ટેક હોમ રેશન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૬ અંતર્ગત ઉપસ્થિત સૌએ પોષણ શપથ લીધી હતી. ત્યારબાદ રાષ્ટ્રીય પોષણ માસના સંદેશને જનજન સુધી પહોંચાડવાના હેતુથી બાળકો, આંગણવાડી કાર્યકરો તથા ઉપસ્થિત આગેવાનો દ્વારા ભવ્ય પોષણ જાગૃતિ રેલી યોજવામાં આવી હતી.

# ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં કિયા ઓરા મોદી કોમ્યુનિટી ઈવેન્ટના સમર્થકોનું સન્માન







(ધર્મેન્દ્ર બાબરીયા દ્વારા) ન્યુઝીલેન્ડ

ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ભારતીય ડાયસ્પોરા ગ્રુપ, જેણે ગત તા.૧૧ જુલાઈના ઓકલેન્ડમાં ઐતિહાસિક કિયા ઓરા મોદી કોમ્યુનિટી ઈવેન્ટનું આયોજન કર્યુ હતું. તેણે ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ ઓકલેન્ડના પાપાટોએટોમાં સ્વામીનારાયણ મંદિરમાં એક ખાસ સ્પોન્સર પ્રશંસા ડિનરનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય ગીત ગાયને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ન્યુઝીલેન્ડના પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા.

## ભારતીય હાઈકમિશ્નરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

કાર્યક્રમમાં મહામહિમ મુઆનપુઈ સૈયાવી, (ભારતના હાઈ કમિશ્નર) દ્વારા તમામ સહયોગીઓ અને જુદી જુદી સંસ્થાઓના હોદેદારો અને જુદા જુદા રાજયોની સાંસ્કૃતિક વિરાસતોને અભીનય દ્વારા રજૂ કરનારા અને સહયોગીઓને સન્માન પત્ર આપી સન્માનીત કરાયા હતા અને તમામનો આભાર વ્યકત કરાયો હતો.

આ તકે ડેમ એવોર્ડથી સન્માનીત રંજનાબેન પટેલ, ન્યુઝીલેન્ડ ભારતીય ડાયસ્પોરા ગ્રુપ ભાવ ધિલ્લોન, શ્રીકાંત ભાવે, અને ગુજરાતી સમાજના અગ્રણી ડો. સુરેશભાઈ બલર, વિદ્યાબેન બલર અને ન્યુઝીલેન્ડ ભારતીય ડાયસ્પોરા ગ્રુપ ડો.કાંતીભાઈ પટેલ, તપનભાઈ દવે, સ્વપ્નીલ શાહ, નિરવભાઈ સાવલીયા, હાર્દિક પટેલ, દશિત પંડયા, હાર્દિક મહેતા, દિનેશભાઈ પાહુજા, દાન સુકુલાલ અને સૌરાષ્ટ્ર સમાજના સભ્ય રવીભાઈ લોડલીયા, વિજયભાઈ મોદી ખાસ હાજર રહ્યા હતા.

ન્યૂઝીલેન્ડના પ્રખ્યાત ભારતીય સમુદાયના અગ્રણી નરેન્દ્ર ભાણાએ કાયેકમ નું સફળ સંચાલન કરેલ હતું. ૧૫૦ થી વધુ પ્રાયોજકો અને સમર્થકો રાત્રિભોજનમાં હાજર રહ્યા હતા. તેમના ઉદાર તન મન અને ધન નાયોગદાનથી ન્યુઝીલેન્ડમાં ભારતીય સમુદાય માટે કિયા ઓરા મોદી કોમ્યુનિટી ઈવેન્ટને યાદગાર અને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તેમના સંબોધન દરમિયાન, ભાવ ધિલ્લોને ઐતિહાસિક કાર્યક્રમના આયોજન પાછળની સફર પર પ્રતિબિંબ પાડ્યો હતો જેમાં તકો, પડકારો અને મુખ્ય પાઠનો સમાવેશ થાય છે. તેમણે પ્રાયોજકો, દાતાઓ અને સ્વયંસેવકો દ્વારા પૂરી પાડવામાં આવેલ સેવાઓબદલ પ્રશંસા વ્યક્ત કરી હતી,કાર્યક્રમમાં મુઆનપુઇ સૈયાવીએ આ મહત્વપૂર્ણ પ્રસંગનો ભાગ બનવાનો પોતાનો અનુભવ શેર કર્યો અને ન્યુઝીલેન્ડમાં ભારતીય ડાયસ્પોરા માટે આ કાર્યક્રમના મહત્વને સ્વીકાર્યું હતું તેમણે પ્રાયોજકો અને સમર્થકોનો આભાર માન્યો હતો શક્ય બન્યો. કાયેકમ ની આભાર વિધિ ડેમ રંજનબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# ખેરિયા ઓટોકોમ્પ લિમિટેડનો SME IPO ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે

રાજકોટ, ખેરિયા ઓટોકોમ્પ લિમિટેડએ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દ્ગજીઈ ઈસ્ઈઈ્ઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થવા માટે પ્રારંભિક જાહેર ઓફર (IPO) સાથે જાહેરમાં જવાની તેની યોજનાની જાહેરાત કરી છે.ખેરિયા ઓટોકોમ્પ લિમિટેડ મુખ્યત્વે ઓટોમોટિવ ક્ષેત્રને જરૂરી ઉચ્ચ-ચોકસાઈવાળા પ્લાસ્ટિક ઈન્જેક્શન મોલ્ડિંગ ઘટકો અને સબ-એસેમ્બલી પૂરા પાડવાની કામગીરીના ઉત્પાદનમાં રોકાયેલ છે. કંપની ટાયર-II સપ્લાયર તરીકે કાર્ય કરે છે, જે મુખ્ય ઓટોમોટિવ OEM ની માગ પ્રમાણે માલ આપતા ટાયર- સપ્લાયર્સની ડિઝાઇન અને સ્પષ્ટીકરણો અનુસાર ચોકસાઈવાળા ભાગોનું ઉત્પાદન કરે છે.

કંપનીનો પ્રોડક્ટ પોર્ટફોલિયો આંતરિક કમ્બશન એન્જિન (ICE) અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) પ્લેટફોર્મ બંને પર પેસેન્જર વાહનોને સેવા આપે છે. એન્જિનિયર્ડ અને સપ્લાય કરાયેલા ઉત્પાદનોમાં આંતરિક ઘટકો, બાહ્ય ઘટકો, અંડર-હૂડ ઘટકો, ઉઁફછઝ ઘટકો અને લાઈટિંગ ઘટકોનો સમાવેશ થાય છે.

# ગોંડલ હાઈવેથી હિરાસરને જોડતા સિકસલેન ગ્રીન ફિલ્ડ હાઈવે અંગે મહિનાના અંતે સુનાવણી

## ૧૮ હજાર એકર જમીન કપાતમાં : કુલ ૨૪ ગામોની બીનખેતીની પ્રક્રિયા હાલ સ્થગિત

રાજકોટ, નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ગોંડલ હાઈવેથી અમદાવાદ હાઈવે પર હિરાસર એરપોર્ટને જોડતો સિક્સ લેન ગ્રીનફિલ્ડ રાજકોટ બાયપાસ કાઢવાનુ પ્લાનિંગ કરવામાં આવ્યુ છે. ૧૮ હજાર એકર જમીન સિક્સ લેન્ડ હાઈવે કપાતમાં આવે છે. કુલ ૩૬ ગામમાંથી આ બાયપાસ પસાર થઈ રહ્યો છે જેમની જમીન સંપાદનની કામગીરી આ મહિનાના અંત સુધીમાં શરૂ કરી દેવામાં આવશે. જેમાં તમામ ૨૪ ગામોના ખેડૂતોને વારાફરતી બોલાવી અને સુનાવણી હાથ ધરવામાં આવશે અને આ પ્રક્રિયા એક મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. જમીન સંપાદન માટેના ખાસ અધિકારી પ્રાંત અધિકારી નેશનલ હાઈવે ના અધિકારીઓ અને હાજરીમાં સુનાવણી શરૂ કરવામાં આવશે.

નેશનલ હાઈવે ઓથોરિટીના આધારભૂત સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, જમીન સંપાદનની આખી પ્રક્રિયા એસ.એલ.ઓ. ઓફિસ ખાતે સુનાવણી દરમિયાન ખેડૂતોને તેમની જમીન સંપાદન બદલ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ વળતર તેમજ જમીન કપાત અંગેની વિગતવાર અને સચોટ માહિતી પૂરી પાડવામાં આવશે. ખેડૂતોના રજૂઆતો સાંભળ્યા બાદ, નિયમોનુસાર જમીન કપાત અંગેનું વળતર ચૂકવવાની કાર્યવાહી પણ ત્વલરિત ગતિએ હાથ ધરવામાં આવશે.જો આ પ્રક્રિયા દરમિયાન કોઈ પણ પ્રકારના વહીવટી કે ટેકનિકલ અવરોધો કે રોગ નહીં આવે, તો આ વર્ષના અંત સુધીમાં આ સમગ્ર જમીન સંપાદન અને વળતર ચૂકવણીની પ્રક્રિયાને આડેધડ પાર પાડીને પૂર્ણ કરી દેવામાં આવશે.

રાજકોટ તાલુકાના ૧૬, કોટડાસાંગાણી તાલુકાના પાંચ અને ગોંડલ તાલુકાના ત્રણ ગામોમાં બિનખેતીની પ્રક્રિયા સ્થકગિત કરવામાં આવી છે.રાજકોટ તાલુકાના રામપરા બેટી, મઘરવાડા, સાયપર, કુચીયાદડ, રફાળા, ભાયાસર, કાથરોટા, પાડાસણ, અણીયાળા, ખેરડી, ગુંદા, કસ્તુરબા ધામ, કુવાડવા, ઢાંઢણી, ઢાંઢીયા અને ગઢકા ગામનો સમાવેશ થાય છે. જ્યારે કોટડાસાંગાણી તાલુકાના ૦૫ ગામોનો સમાવેશ થઈ છે.જેમાં રાજપરા, અરડોઈ, નારણકા, પીપલાણા અને આણંદપર તેમજ ગોંડલ તાલુકાના ૦૩ ગામોનો સમાવેશ થઈ છે.જેમાં ગુંદાસરા, રીબડા અને પીપળીયા ગામનો સમાવેશ થાય છે.

ગ્રીનફિલ્ડ બાયપાસ ખૂબ જ સીમાચિરૂપ સાબિત થનાર છે. હિરાસર એરપોર્ટ સુધી માલસામાન અને મુસાફરોની અવરજવર અત્યંત સરળ બનશે. ગોંડલ હાઈવેથી અમદાવાદ હાઈવે સીધો કનેક્ટ થવાને કારણે સૌરાષ્ટ્રભરમાંથી આવતા ભારે વાહનો શહેરમાં પ્રવેશ્યા વગર જ પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકશે.આ પ્રયોઝ બાયપાસ દ્વારા પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી સહિતના જિલ્લાઓને રાજકોટના ટ્રાફિકની બારોબાર એરપોર્ટ કનેક્ટિવિટી આપવાનુ આયોજન છે.

# રાજકોટમાં ક્લોરીન ગેસ લીકેજ દુર્ઘટના રોકવા ફાયર સ્ટાફ માટે મોકડ્રીલ

રાજકોટ, રાજકોટ મનપાના વોટર વોટર મેનેજમેન્ટ યુનિટમાં કાર્યરત વેક્યુમ ફીડ ક્લોરીનેશન સિસ્ટમ અને



સ્ક્રબર સિસ્ટમ અંગે વિસ્તૃત માહિતી અને પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ તાલીમ કેમિસ્ટ ડો. જે.જે. જાડેજા તથા એમ.જે. ગોહિલ દ્વારા ના.કા.ઈ. એચ.એમ. ખખ્ખર તથા એડી.સિટી ઈજનેર કે.પી. દેથરીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. જેમાં મેનેજમેન્ટ વિભાગ અંતર્ગત ગુરૂકુલ પમ્પિંગ સ્ટેશન ખાતે સેન્ટ્રલ ઝોન સંલગ્ન કનક રોડ ફાયર સર્વિસીઝ સ્ટાફ માટે ક્લોરીન ગેસ લીકેજ અંગે વિશેષ તાલીમ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ દરમિયાન ૯૦૦ કિલો ક્ષમતાના ક્લોરીન ટનર તથા ૧૦૦ કિલો ક્ષમતાના ક્લોરીન સીલીન્ડરમાં લીકેજ થાય ત્યારે જરૂરી તકેદારી સાથે લીકેજને નિયંત્રિત કરવાની પદ્ધતિ, ક્લોરીન લીકેજથી અસરગ્રસ્ત વ્યક્તિને આપવામાં આવતી પ્રાથમિક સારવાર તેમજ યુનિટના સ્ટાફ ઉપરાંત કનક રોડના સ્ટેશન ઓફિસર સંજયભાઈ નાગલાની, નાજુભાઈ પરમાર, શાહરુખભાઈ પઠાણ સહિત ૨૫થી વધુ ફાયરમેન ઉપસ્થિત રહ્યા હતા.

ક્લોરીન ગેસ અત્યંત ઝેરી અને જોખમી વાયુ છે. વધુ પ્રમાણમાં ક્લોરીનયુક્ત હવાના સંપર્કમાં આવવાથી માનવ સ્વાસ્થ્ય પર ગંભીર અસર થઈ શકે છે. ક્લોરીન ગેસના લીકેજ અથવા અયોગ્ય હેન્ડલિંગને કારણે સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને આ ટ્રેનિંગ આપવામાં આવી હતી.

# રાજકોટ સિવિલ હોસ્પિટલના નવ નિયુકત સુપ્રિટેન્ડન્ટ ડો.કમલ ડોડીયાને વિહિપની શુભેચ્છા



રાજકોટ,રાજકોટ સિવિલ હોસ્પિટલના નવનિયુક્ત સુપ્રિટેન્ડેન્ટ ડો. કમલભાઈ ડોડીયાને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. રાજકોટ સિવિલ હોસ્પિટલના નવનિયુક્ત સુપ્રિટેન્ડેન્ટ તરીકે ડો. કમલભાઈ ડોડીયાની નિમણૂક થતા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તેમને હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

આ તકે વિશ્વ હિન્દુ પરિષદના રાજુભાઈ ઉમરાણીયા, વલ્લભભાઈ પટેલ, જગદીશભાઈ બોદર સહિતના કાર્યકરોએ રૂબરૂ મુલાકાત લઈ ડો. કમલભાઈ ડોડીયાને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# રાજકોટમાં અંધજન ભાઈઓ-બહેનો માટે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



રાજકોટ,સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલ, અંધજન કલ્યાણ મંડળ, સીજે ગ્રુપ દ્વારા અંધજન ભાઈઓ બહેનો માટે નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં વોર્ડ નં.૧૪ના કોર્પોરેટર ચંદાબેન વાળા, મનસુરભાઈ વાળા, સંસ્થાના મંત્રી જી.જે. વાછાણી ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. હોમીયોપેથીક મેડીકલ કોલેજ, સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલના તબીબોએ સેવા આપી હતી.

# રાજકોટમાં 'ત્રિકોણબાગ કા રાજા' રાજવી સ્વરૂપમાં બિરાજશે

રાજકોટ,શ્રધ્ધા અને ભક્તિના અનેરા ધામ એવા ત્રિકોણ બાગ કા રાજા ગણેશ મહોત્સવમાં ઢોલ-નગારાના નાદે તા.૧૪ સવારે ૧૦ વાગ્યે ભક્તિસભર સ્થાપના સાથે મહોત્સવનો પ્રારંભ થશે અને તા.૨૫મીએ પૂર્ણાહૂતિ થશે.

આ વર્ષે પણ દર વર્ષની જેમ ધુન-કિર્તન, સંતો-મહંતો અને દિવ્યાંગ બાળકોના વરદ હસ્તે મહા આરતી, ગણેશ વંદના, નાટ્ય-નાટિકા, લોકડાયરો, મ્યુઝીકલ શો, બાળકો દ્વારા સામુહિક હનુમાન ચાલીસા પઠન, ભક્તિ સંધ્યા, નિ:શુલ્ક મેડિકલ કેમ્પ, મહારક્તદાન કેમ્પ, શાળાના બાળકોનો ડાન્સ ટેલેન્ટ શો, ગેમ શો, મહિલાઓ માટે આરતી શણગાર સ્પર્ધા, મહિલા મંડળ દ્વારા ધાર્મિક અંતાક્ષરી, શ્રીનાથજીની ઝાંખી, સત્યનારાયણ કથા, જાહેર જનતા માટે દાંડિયા રાસ સ્પર્ધા સહિતના શ્રેણીબધ્ધ આયોજનો કરવામાં આવ્યા છે. આ તમામ આયોજન માટે ઝાઝા હાથ હળિયામણની પરંપરામાં દ્રઢ વિશ્ર્વાસ વ્યકત કરતી સમિતિની રચના કરવામાં આવી છે.આ વર્ષે વિધ્નહર્તા મંગલમૂર્તિ અને બુધ્ધિના દેવતા શ્રી ગણેશજીનું આ અદભુત સ્વરુપ ભક્તિ, શૌર્ય અને વૈભવનો સુંદર સંગમ છે. આ મૂર્તિમાં ભગવાન શ્રી ગણેશજીને ભવ્ય રાજવી આસન પર વિરાજમાન દર્શાવવામાં આવ્યા છે. શિર પર સુવર્ણ કારીગરીથી સુશોભિત મુકુટ, ગળામાં હાર તથા શરીર પર અલંકારો ભગવાનના દિવ્ય અને ઐશ્ર્વર્યસભર સ્વરુપને ઉજાગર કરે છે. મૂર્તિની આ ચાર ભુજાઓમાં વિવિધ આયુધો ધારણ કરાવવામાં આવ્યા છે. હાથમાં રહેલું ત્રિશુળ અને અન્ય શસ્ત્રો શક્તિ, રક્ષણ અને અધર્મ પર ધર્મના વિજયનું પ્રતિકરુપ દર્શન કરાવે છે, જ્યારે એક હસ્તની અભય મુદ્રા ભક્તોને નિર્ભયતા અને આશિર્વાદનો સંદેશ આપે છે.ત્રિકોણ બાગ કા રાજા સાર્વજનિક ગણેશ મહોત્સવમાં દસ દિવસ દરમિયાન શ્રેણીબધ્ધ આયોજનો યોજવામાં આવ્યા છે.

# વિકાસ અને પર્યાવરણ એકબીજાના પૂરક : વડાપ્રધાન મોદી

## બ્રિક્સ સમિટમાં વડાપ્રધાન મોદીએ મહત્વપૂર્ણ ખનિજોના શસ્ત્રીકરણ સામે ચેતવણી આપી બ્રિક્સ અધ્યક્ષપદ માટે ભારતની ચાર મુખ્ય પ્રાથમિકતાઓ પર ભાર મૂક્યો

નવી દિલ્હી,

નવી દિલ્હીમાં ૧૮મી બ્રિક્સ (BRICS) સમિટના બીજા દિવસે, રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિક્સ અધ્યક્ષપદ માટે ભારતની ચાર મુખ્ય પ્રાથમિકતાઓ પર ભાર મૂક્યો: સ્થિતિસ્થાપકતા (resilience), નવીનતા, સહયોગ અને ટકાઉપણું (sustainability). તેમણે જણાવ્યું હતું કે ભારતે આ ચાર સ્તંભો પર પોતાના પ્રયાસો કેન્દ્રિત કર્યા છે અને સભ્ય દેશોના સહયોગથી આ સમૂહ પોતાની સહિયારી દ્રષ્ટિને "પરસ્પર લાભદાયી સહયોગ" (win-win collabo®aion) માં પરિવર્તિત કરવામાં સફળ રહ્યો છે તે બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

સમિટને સંબોધતા મોદીએ વધતા જતા વૈશ્વિક પડકારોનો સામનો કરવાની બ્રિક્સ દેશોની ક્ષમતાને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે વિશ્વભરમાં તણાવની સ્થિતિ સતત વધી રહી છે અને તેની સામાન્ય લોકોના જીવન પર નોંધપાત્ર અસર પડી રહી છે.

"કોઈપણ સંકટ માત્ર એક જ પ્રદેશ પૂરતું સીમિત રહેતું નથી"

વૈશ્વિક તણાવ વધી રહ્યો છે અને સામાન્ય લોકોને અસર કરી રહ્યો છે તેવા સમયે મોદીએ સ્થિતિસ્થાપકતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે રોગચાળા, આબોહવા સંબંધિત આપત્તિઓ અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપોએ દર્શાવ્યું છે કે પરસ્પર જોડાયેલા વિશ્વમાં, સંકટની અસર તે પ્રદેશની સીમાઓથી ઘણી આગળ વિસ્તરી શકે છે જ્યાં તે ઉદ્ભવ્યું હોય.

"આજે વિશ્વમાં તણાવની સંખ્યા સતત વધી રહી છે," એમ કહીને મોદીએ ઉમેર્યું કે આવી ઘટનાઓની લોકોના જીવન પર "નોંધપાત્ર અને વ્યાપક નકારાત્મક અસર" પડી રહી છે. તેમણે કહ્યું કે તેથી જ બ્રિક્સે સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા પર વિશેષ ભાર મૂક્યો છે અને પડકારોને વહેલા ઓળખવા, તૈયાર રહેવા અને તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

આ પ્રયાસના ભાગરૂપે, મોદીએ જણાવ્યું હતું કે ચેપી રોગોની રોકથામ અને તેના પ્રતિભાવ માટે 'બ્રિક્સ ઈન્ટિગ્રેટેડ અર્લી વોર્નિંગ સિસ્ટમ' (સંકટની પૂર્વ-ચેતવણી આપતી સંકલિત પ્રણાલી) પર સર્વસંમતિ સાધવામાં આવી છે. તેમણે આપત્તિ વ્યવસ્થાપન માટે 'અર્લી વોર્નિંગ ડેટા ઈન્ટિગ્રેશન ગાઈડલાઈન્સ' (પૂર્વ-ચેતવણી ડેટા સંકલન



માર્ગદર્શિકા) તૈયાર કરવામાં આવી હોવાની પણ જાહેરાત કરી હતી.

"વિકાસ અને પર્યાવરણ એકબીજાના પૂરક છે"

ટકાઉપણા વિશે વાત કરતા મોદીએ કહ્યું કે ભારતનો અભિગમ દેશની તે સાંસ્કૃતિક માન્યતા પર આધારિત છે જેમાં પ્રકૃતિને માતા તરીકે પૂજવામાં આવે છે. તેમણે કહ્યું કે વિકાસ અને પર્યાવરણના રક્ષણને એકબીજાના વિકલ્પ તરીકે ન જોવું જોઈએ. "ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિને માતા તરીકે પૂજવામાં આવે છે," એમ કહીને મોદીએ ઉમેર્યું કે વિકાસ અને પર્યાવરણ "એકબીજાના વિકલ્પ નથી, પરંતુ એકબીજાના પૂરક છે". તેમણે કહ્યું કે બ્રિક્સે માનવ વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે; તેમણે આને ટકાઉપણાનો પાયો અને ભાવિ પેઢીઓ પ્રત્યેની જવાબદારી ગણાવી હતી. આ દિશામાં અનેક પહેલ કરવામાં આવી છે, જેમાં સ્માર્ટ ગ્રીડ અને ઊર્જા સંગ્રહ (energy storage) માટે 'બ્રિક્સ ડિજિટલ સેન્ટર ઓફ એક્સેલન્સ'નો સમાવેશ થાય છે. મોદીના જણાવ્યા અનુસાર, આ કેન્દ્ર સ્વચ્છ ઊર્જા પ્રણાલીઓને વધુ વિશ્વસનીય, કાર્યક્ષમ અને સુલભ બનાવવામાં મદદ કરશે. તેમણે કૃષિ ઈકોલોજી અને પુનર્જીવિત કૃષિ માટે શ્રેષ્ઠતા કેન્દ્રો પર પણ પ્રકાશ પાડ્યો, જે પરંપરાગત જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે જોડવાનો પ્રયાસ કરશે. સમુદાય-આધારિત આબોહવા અનુકૂલન માટેના સિદ્ધાંતો પણ ઘડવામાં આવ્યા છે, જેમાં સ્વદેશી જ્ઞાનને આબોહવા ક્રિયા માટે એક મહત્વપૂર્ણ પાયા તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

સ્ટાર્ટઅપ્સ, MSMEs અને ડિજિટલ કૃષિ પર ધ્યાન કેન્દ્રિત કરો ભારતના BRICS કાર્યસૂચિના બીજા મુખ્ય ક્ષેત્ર તરીકે નવીનતા ઉભરી આવી છે. મોદીએ કહ્યું કે BRICS ઈન્ક્યુબેટર નેટવર્ક સભ્ય દેશોમાં સ્ટાર્ટઅપ્સ અને ઈન્ક્યુબેટર્સને જોડશે. ભારતે નવીન અને સ્કેલેબલ ઉકેલોને પ્રોત્સાહન આપવા માટે BRICS સ્ટાર્ટઅપ ઈનોવેશન ફંડનો પણ પ્રસ્તાવ મૂક્યો છે.

## ભારતે પૂરગ્રસ્ત નેપાળને બેઈલી બ્રિજના ભાગોની પ્રથમ ખેપ મોકલી

નવી દિલ્હી/કાઠમાંડુ,

ભારતે પૂરગ્રસ્ત બેત્રાવતી વિસ્તારમાં સંપર્ક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં મદદ કરવા માટે નેપાળને ૭૦-મીટરના બેઈલી બ્રિજ માટેના ઘટકોનો પ્રથમ જથ્થો મોકલ્યો છે.

નેપાળમાં ભારતના રાજદૂત નવીન શ્રીવાસ્તવે 'ઠ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ગઈકાલે હેતૌડા ખાતે નેપાળના રોડ ડિવિઝનને આ જથ્થો સોંપવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં પુલના ઘટકોના વધુ જથ્થા ત્યાં પહોંચશે.

આ સહાય ૨૬ ઓગસ્ટના રોજ દેશના ઉત્તરીય અને મધ્ય પ્રદેશોમાં આવેલા વિનાશક અચાનક આવેલા પૂર બાદ ભારત દ્વારા નેપાળને આપવામાં આવી રહેલા માનવીય સમર્થનનો એક ભાગ છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતે ૧૩૦ ટનથી વધુ રાહત સામગ્રી મોકલી છે અને નેપાળમાં બચાવ, રાહત અને ફોરેન્સિક કામગીરીમાં સહાય માટે ૫૪ નિષ્ણાત કર્મચારીઓને તૈનાત કર્યા છે. ભારતે ટનલ અને કાદવમાંથી બચાવ કામગીરી માટેના વિશિષ્ટ સાધનો, ડીએનએ (DNA) કિટ્સ, ફોરેન્સિક સાધનો અને અન્ય આવશ્યક સામગ્રી પણ પૂરી પાડી છે. ભારતીય વાયુસેનાએ રાહત સામગ્રી પહોંચાડવા માટે ઓછામાં ઓછી આઠ વિશેષ ફ્લાઈટ્સનું સંચાલન કર્યું છે. ભારતની ટનલ બચાવ ટીમ શોધખોળ કામગીરીમાં નેપાળી સેના સાથે મળીને કામ કરી રહી છે, જ્યારે ફોરેન્સિક ટીમ પીડિતોના મૃતદેહોની ઓળખ કરવામાં નેપાળી સત્તાવાળાઓને મદદ કરી રહી છે.

## હોરમૂઝની સામુદ્રધુની નજીક ઈરાની વ્યાપારી જહાજ પર હુમલો થતાં એકનું મોત, ત્રણ ઘાયલ

તેહરાન,

સ્થાનિક ઈરાની સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, રવિવારે (૧૩ સપ્ટેમ્બર) હોર્મુઝની સામુદ્રધુની નજીક કેશમ ટાપુ પાસે એક ઈરાની વ્યાપારી જહાજ પર હુમલો થતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના એવા સમયે બની છે જ્યારે તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે આ વ્યૂહાત્મક જળમાર્ગને લઈને સંઘર્ષ ચાલી રહ્યો છે.

સરકારી ટીવીના અહેવાલ મુજબ, કેશમ શહેરના ગવર્નર અમીર તેઈમૌરીએ જણાવ્યું હતું કે, "આજે સવારે લગભગ ૫:૦૦ વાગ્યે (0130 GMT) હેંગામ અને કેશમ ટાપુઓના કિનારા પાસે એક વ્યાપારી જહાજ પર હુમલો થયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત થયું અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા." તેમણે હુમલાના સ્રોત વિશે કોઈ વિગત આપી ન હતી.

અલગથી, યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO) એ જણાવ્યું હતું કે સામુદ્રધુનીમાંથી પસાર થતી વખતે એક જહાજ પર પ્રોજેક્ટાઈલ (ક્ષેપક) દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે આ ઘટના વિશે વધુ વિગતો આપી ન હતી.

અમેરિકી સેના તરફથી કોઈ તાત્કાલિક નિવેદન આવ્યું નથી. ઈરાની બંદરોની નાકાબંધીના ભાગરૂપે ઈરાની ધ્વજ ધરાવતા જહાજોને નિશાન બનાવતી અમેરિકી સૈન્ય કાર્યવાહી વચ્ચે આ ઘટના બની છે.

કેશમની આસપાસ વિસ્ફોટો

હોર્મુઝની સામુદ્રધુનીમાં આવેલા સૌથી મોટા ટાપુ, કેશમની આસપાસ રાત્રિ દરમિયાન અનેક વિસ્ફોટો થયા હોવાના અહેવાલ મળ્યા છે, કારણ કે આ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ જળમાર્ગને લઈને તણાવ વધી રહ્યો છે. આ ઘાતક ઘટના એવા સમયે બની છે જ્યારે ઈરાન ઓમાનમાં ગલ્ફ દેશો સાથે વાટાઘાટો કરવાનું છે. ઓમાન પણ આ સામુદ્રધુનીને અડીને આવેલું છે અને આ માર્ગ વૈશ્વિક તેલ અને ગેસના પરિવહન માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના છ મહિનાના સંઘર્ષમાં હોર્મુઝની સામુદ્રધુની પરનું નિયંત્રણ એક મુખ્ય વિવાદાસ્પદ મુદ્દો બની ગયો છે. ૨૮ ફેબ્રુઆરીએ યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયેલ દ્વારા શરૂ કરાયેલા હુમલાના જવાબમાં, ઈરાને આ જળમાર્ગને અવરોધિત કર્યો છે; સંઘર્ષ શરૂ થયો તે પહેલાં આ માર્ગ મુક્ત અને અવરોધમુક્ત હતો.

ઈરાન હવે સુરક્ષા અને સાર્વભૌમત્વની ચિંતાઓને ટાંકીને જહાજો માટે સામુદ્રધુનીમાંથી પસાર થવા માટે મંજૂરી મેળવવાનું ફરજિયાત બનાવે છે અને સેવા શુલ્ક લાદવાની પદ્ધતિ પર વિચાર કરી રહ્યું છે. નિયમોનું પાલન ન કરનારા જહાજોને વારંવાર ઈરાની હુમલાઓનો સામનો કરવો પડે છે, જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ સામુદ્રધુની પર તેહરાનના નિયંત્રણને પડકારવા માટે સમયાંતરે ઈરાની કિનારા પર બોમ્બમારો કરે છે.

## એસએસ રિટેલ લિમિટેડનો ipo ૧૬ સપ્ટેમ્બરથી ખુલશે



એસએસ રિટેલ લિમિટેડ નો ipo ૧૬ સપ્ટેમ્બર થી ખુલી રહ્યો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૪૦૩થી રૂ.૪૨૪ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૧૬ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૩૫ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૩૫ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે.

## પશ્ચિમ બંગાળ સરકારે સમીક્ષા બાદ ૨૫૨ મદ્રેસા બંધ કર્યા, અન્ય ૧૦૦ને કારણદર્શક નોટિસ ફટકારી

કોલકાતા,

પશ્ચિમ બંગાળ સરકાર રાજ્યમાં ઈસ્લામિક શૈક્ષણિક સંસ્થાઓની સમીક્ષા કરી રહી છે અને તે અંતર્ગત ૨૫૨ મદ્રસાઓને બંધ કરવાની નોટિસ જારી કરી છે. ચકાસણી પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં અન્ય ૧૦૦ મદ્રસાઓને પણ કારણદર્શક નોટિસ (show-cause nOices) મોકલવામાં આવી છે.

અહેવાલો સૂચવે છે કે બંધ થવાના આરે રહેલી ૨૫૨ મદ્રસાઓમાંથી મોટાભાગની 'ખારીજી' સંપ્રદાયની છે. તેમાંથી ઓછામાં ઓછી ૪૪ મદ્રસાઓ માલદામાં, ૩૭ ઉત્તર દિનાજપુરમાં, ૩૨ દક્ષિણ ૨૪ પરગણામાં અને ૨૫-૨૫ મદ્રસાઓ નાદિયા અને મુર્શિદાબાદમાં આવેલી છે.

લઘુમતી બાબતોના મંત્રી ખુદીરામ ટુડુએ ચેતવણી આપી હતી કે કારણદર્શક નોટિસ મેળવનાર મદ્રસાઓએ માન્ય અધિકૃતતા (valid authorisation) રજૂ કરવી પડશે, અન્યથા તેમને બંધ કરી દેવામાં આવશે.

રાજ્યમાં માન્યતા પ્રાપ્ત અને બિન-માન્યતા પ્રાપ્ત મદ્રસાઓની સંખ્યા નક્કી કરવા માટે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જૂન મહિનામાં રાજ્યવ્યાપી સર્વેક્ષણનો આદેશ આપ્યો હતો.

ત્યારબાદ, લઘુમતી બાબતો અને મદ્રસા શિક્ષણ વિભાગ દ્વારા કોલકાતા અને અન્ય ૨૨ જિલ્લાઓમાં સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં મદ્રસાની વ્યવસ્થાપન પ્રણાલી, વિદ્યાર્થીઓની નોંધણી, ભંડોળના સ્રોતો અને નોંધણીની સ્થિતિની તપાસ કરવામાં આવી હતી.

ટુડુએ કહ્યું, "તપાસના તારણોના આધારે, પ્રથમ તબક્કામાં ૨૫૨ મદ્રસાઓને બંધ કરવાના આદેશો જારી કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અન્ય ૧૦૦ મદ્રસાઓને પણ કારણદર્શક નોટિસ આપવામાં આવી છે જ્યાં વધુ ગંભીર અનિયમિતતાઓ જોવા મળી હતી. જો આ સંસ્થાઓ પુરાવા અથવા માન્ય અધિકૃતતા રજૂ કરવામાં નિષ્ફળ જશે, તો તેમને બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવશે." તેમણે ઉમેર્યું કે હાલમાં બંગાળમાં ૨,૧૩૨ મદ્રસાઓ માન્ય મંજૂરી સાથે કાર્યરત છે, જ્યારે બિન-મંજૂર મદ્રસાઓની સંખ્યા ૨,૩૯૬ છે.

### થલાપતિ વિજયની સરકારે આદેશ જારી કર્યો

## તમિલનાડુના સરકારી કર્મચારીઓએ ૩૧ ઓક્ટોબર સુધીમાં તેમની સંપત્તિની વિગતો સબમિટ કરવી પડશે

ચેન્નાઈ,

તમિલનાડુ સરકારે તમામ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને ૩૧ ઓક્ટોબર સુધીમાં તેમની સંપત્તિ અને જવાબદારીઓની સંપૂર્ણ વિગતો સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ પગલું વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી વધારવાનો હેતુ છે. સરકારે જાન્યુઆરીમાં સંબંધિત નિયમોમાં સુધારો કર્યો હતો અને હવે ઘોષણા તારીખ અને પ્રક્રિયાની ઔપચારિક જાહેરાત કરી છે. કર્મચારીઓએ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેમની સંપત્તિ અને જવાબદારીઓ જાહેર કરવાની રહેશે. સુધારેલી પ્રક્રિયા હેઠળ, કર્મચારીઓએ હવે તેમની ઓફિસમાં રૂબરૂમાં ઘોષણાપત્ર સબમિટ કરવાની અથવા પ્રિન્ટેડ ફોર્મ દ્વારા માહિતી આપવાની જરૂર રહેશે નહીં. તેના બદલે, સમગ્ર ઘોષણાપત્ર તમિલનાડુ સરકારના ઈન્ટિગ્રેટેડ ફાઈનાન્શિયલ એન્ડ હ્યુમન રિસોર્સિસ મેનેજમેન્ટ સિસ્ટમ પોર્ટલ દ્વારા ડિજિટલી અપલોડ કરવાની રહેશે.

ઘોષણામાં કર્મચારીઓની માલિકીના ઘરો, રહેણાંક અને વાણિજ્યિક પ્લોટ, ખેતીની જમીન અને અન્ય સ્થાવર મિલકતોની સંપૂર્ણ વિગતો હોવી આવશ્યક છે. તેમના પોતાના નામે રાખેલી મિલકતો, તેમજ તેમના પરિવારના સભ્યોના નામે રાખેલી મિલકતો, જાહેર કરવી આવશ્યક છે.

## નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડનો ipo ૧૭ સપ્ટેમ્બરથી ખુલશે

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ નો ipo ૧૭ સપ્ટેમ્બર થી ખુલી રહ્યો છે. ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૧૭૦૦ થી રૂ.૧૭૮૫ રાખવામાં આવી છે. ઈશ્યૂ ૧૭ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બીડ અરજી ૮ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૮ ઈક્વિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની તારીખ – ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ આ ઈશ્યૂ SEBI ICDR નિયમોને અનુરૂપ 'બુક-બિલ્ડિંગ' પ્રક્રિયા દ્વારા લાવવામાં આવી રહ્યો છે, જેમાં ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ માટે મહત્તમ ૫૦%, નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ માટે ઓછામાં ઓછા ૧૫% અને રિટેલ ઈન્ડિવિજ્યુઅલ ઈન્વેસ્ટર્સ માટે ઓછામાં ઓછા ૩૫% હિસ્સો અનામત રાખવામાં આવ્યો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)



એ ૧૯૯૪માં તેની કામગીરી શરૂ કરી હતી અને તે ભારતનું પ્રથમ એક્સચેન્જ હતું જેણે ઈલેક્ટ્રોનિક અથવા સ્ક્રીન-આધારિત ટ્રેડિંગનો અમલ કર્યો હતો. NSE પાસે સંપૂર્ણ રીતે સંકલિત બિઝનેસ મોડલ છે જેમાં એક્સચેન્જ લિસ્ટિંગ, ટ્રેડિંગ સેવાઓ, ક્લિયરિંગ અને સેટલમેન્ટ સેવાઓ, સૂચકાંકો (indices) અને માર્કેટ ડેટા ફીડ્સનો સમાવેશ થાય છે. NSE ટ્રેડિંગ અને ક્લિયરિંગ સભ્યો તેમજ લિસ્ટેડ કંપનીઓ દ્વારા SEBI અને એક્સચેન્જના નિયમો અને નિયમનોના પાલન પર પણ દેખરેખ રાખે છે. NSE ટેક્નોલોજીના ક્ષેત્રમાં અગ્રેસર છે અને નવીનતાની સંસ્કૃતિ તથા ટેક્નોલોજીમાં રોકાણ દ્વારા તેની સિસ્ટમ્સની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે. કંપની ભારતમાં "પ્રથમ સ્તરના નિયમનકાર" (ફર્સ્ટ લેવલ રેગ્યુલેટર) તરીકે કાર્ય કરે છે. આ ભૂમિકામાં, તે રોકાણકારો, ઈશ્યુઅર્સ અને મધ્યસ્થીઓ સહિતના તમામ બજાર સહભાગીઓને સ્ટોક માર્કેટમાં સમાન, અપ્રતિબંધિત, પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ છે, સાથે સાથે બજારનું વ્યવસ્થિત અને કાર્યક્ષમ સંચાલન જાળવી રાખવા અને રોકાણકારોના હિતોનું રક્ષણ કરવા માટે પણ કાર્યરત છે. કંપની બજારના સહભાગીઓ અને રોકાણકારો માટે એક મજબૂત, સ્કેલેબલ (વિસ્તરણક્ષમ) અને સુરક્ષિત પ્લેટફોર્મ પૂરું પાડે છે.

## મુંબઈના ટ્રાફિકમાં ફસાયા નીતિન ગડકરી, કહ્યું - 'હું મારી ભૂલની સજા ભોગવી રહ્યો છું'


મુંબઈ,

મહારાષ્ટ્રના મુંબઈમાં યોજાયેલા ૨૨મા 'ઈન્ડો-અમેરિકન કોર્પોરેટ એક્સલન્સ એવોર્ડ્સ' સમારોહમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી લગભગ એક કલાક મોડા પહોંચ્યા હતા. તેમણે આ વિલંબ માટે ભારે ટ્રાફિકને જવાબદાર ગણાવ્યો અને મજાકમાં કહ્યું કે તેઓ 'પોતાની ભૂલની સજા ભોગવી રહ્યા છે'. તેમણે મુંબઈની વધતી જતી ટ્રાફિક સમસ્યાનો સામનો કરવા માટે જૂના થઈ ગયેલા ફ્લાયઓવરને બદલવાની અને અદ્યતન બાંધકામ ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

વધુ સારી માળખાગત સુવિધાઓ માટે ટેકનોલોજીની જરૂરિયાત-

સભાને સંબોધતા ગડકરીએ કહ્યું કે વર્લીથી કાર્યક્રમના સ્થળ (હોટેલ) સુધીની મુસાફરી દરમિયાન તેઓ લગભગ એક કલાક સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા. ગડકરીએ કહ્યું, "આજે આ કાર્યક્રમ માટે અહીં પહોંચવામાં મને એક કલાકનો વિલંબ થયો કારણ કે હું વર્લીથી આ હોટેલ સુધીના ટ્રાફિકમાં ફસાઈ ગયો હતો. મને એક કલાક વધુ લાગ્યો."

મુંબઈની ટ્રાફિક સમસ્યાઓ વિશે વાત કરતા ગડકરીએ યાદ અપાવ્યું કે ૧૯૯૨ અને ૨૦૦૦ની વચ્ચે તેમણે ૫૫ ફ્લાયઓવર, બાંદ્રા-વર્લી સી-લિંક અને મુંબઈ-પુણે એક્સપ્રેસવે જેવા પ્રોજેક્ટ્સ સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું કે તે સમયે આ પ્રોજેક્ટ્સ જરૂરી હતા, પરંતુ હવે શહેરના બદલાતા ટ્રાફિક



પડકારોને પહોંચી વળવા માટે નવી ટેકનોલોજી અને અભિગમોની જરૂર છે.

"પરંતુ વાસ્તવમાં હું મારી પોતાની ભૂલની સજા ભોગવી રહ્યો છું," તેમણે કહ્યું, જેનાથી પ્રેક્ષકોમાં હાસ્ય ફેલાઈ ગયું. તેમણે ઉમેર્યું, "૧૯૯૨-૨૦૦૦ દરમિયાન મને ૫૫ ફ્લાયઓવર, બાંદ્રા-વર્લી સી-લિંક અને મુંબઈ-પુણે એક્સપ્રેસવે બનાવવાની તક મળી હતી, પરંતુ તે સમયે આ ટેકનોલોજી ઉપલબ્ધ નહોતી."

ગડકરીએ નોંધ્યું કે બાંધકામ ટેકનોલોજીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે અને વર્તમાન માળખાગત સુવિધાઓને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યાઓ (બોટલનેક્સ) હળવી કરવા માટે મલ્ટી-લેવલ (બહુ-સ્તરીય) ફ્લાયઓવર બનાવવાનું સૂચન કર્યું. તેમણે કહ્યું કે એક જ થાંભલા (પિયર) પર વિવિધ સ્તરો પર રસ્તાઓ અને તેની ઉપર મેટ્રો લાઈનનું નિર્માણ કરી શકાય છે.

ભારત-અમેરિકા સહયોગ પર ભાર-

કેન્દ્રીય મંત્રીએ દેશના વિકાસ માટે ટેકનોલોજી અને માળખાગત સુવિધાઓને મુખ્ય પરિબળો તરીકે રેખાંકિત કર્યા. તેમણે કહ્યું કે ટેકનોલોજી, ઉદ્યોગ અને રોકાણના ક્ષેત્રોમાં ભારત અને અમેરિકા વચ્ચે સહયોગ વધારવાની અપાર સંભાવનાઓ છે.

## ભારતના જ્ઞાનનો નાશ કરવાનો પ્રયાસ થયો હતો : અમિત શાહ

### જે રાષ્ટ્ર પોતાની સ્મૃતિ, ઈતિહાસ, પરંપરાઓ, ધાર્મિક વિધિઓ, રેકોર્ડ, ભાષાઓ અને વ્યાકરણનું રક્ષણ કરે છે તેને ગુલામ બનાવી શકાતું નથી

મુંબઈ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુંબઈમાં એશિયાટિક સોસાયટી ખાતે 'ગણેશ જ્ઞાનાર્થી' વિશેષ હસ્તપ્રત પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપી અને સંબોધન કર્યું. અમિત શાહે કહ્યું, "કોઈ પણ રાષ્ટ્ર ગમે તેટલું શક્તિશાળી હોય, તેનો નાશ થવામાં લાંબો સમય લાગશે નહીં."

અમિત શાહે કહ્યું, "જે રાષ્ટ્ર પોતાની સ્મૃતિ, ઈતિહાસ, પરંપરાઓ, ધાર્મિક વિધિઓ, રેકોર્ડ, ભાષાઓ અને વ્યાકરણનું રક્ષણ કરે છે, તેને ગુલામ બનાવી શકાતું નથી, ભલે તે કેટલા વર્ષો સુધી ગુલામ રહે. ભારત આનું ઉદાહરણ છે. ઘણા લોકોએ પ્રયાસ કર્યો."

અમિત શાહે કહ્યું, "આખા વિશ્વને માર્ગદર્શન આપતું શક્તિશાળી જ્ઞાન અહીં ઉભું હતું. જે બન્યું તેનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ તે નિષ્ફળ ગયું. નાલંદા પુસ્તકાલયને બાળી શકાય છે, તેને એટલી તીવ્રતાથી બાળી શકાય છે કે મહિનાઓ સુધી તેમાંથી ધુમાડો નીકળે છે. પરંતુ સ્મૃતિ અને



શ્રુતિ દ્વારા લોકોના મનમાં કોતરાયેલા જ્ઞાનનો કોઈ નાશ કરી શકતું નથી."

અમિત શાહે કહ્યું, "આ એક જાણીતો ઈતિહાસ છે. આપણા દેશની સંસ્કૃતિ છે કે જ્યારે આપણે હારીએ છીએ, ત્યારે આપણે ધીરજથી આગળ વધીએ છીએ, અને જ્યારે આપણે વિજયી થઈએ છીએ, ત્યારે આપણે જેમને આપણે જીતીએ છીએ તેમની યાદોને નાશ કર્યા વિના આપણી પરંપરામાં સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કરીએ છીએ."

અમિત શાહે કહ્યું, "એશિયાઈ સમાજમાં જે પરિવર્તન લાવવાની જરૂર છે તે લાવવું જ જોઈએ. હું ચોક્કસપણે આ વિશે થોડી વાત કરવા માંગુ છું. સાચું જ્ઞાન ક્યારેય વિચારધારાનું બંધક નથી હોતું. જ્ઞાન પોતે જ એક વિચારધારા છે. જો તમે તેને કોઈપણ રીતે બાંધો છો, તો તમે જ્ઞાનનો અર્થ જ બદલી નાખો છો. જ્ઞાન મુક્ત હોવું જોઈએ."

અમિત શાહે કહ્યું, "દેશમાં ઘણી વખત ઈતિહાસને ભૂંસી નાખવાની વાત થાય છે. હું આ લોકો અને વિદ્વાનો સાથે સહમત નથી. વસાહતીકરણ દૂર કરવાની પ્રક્રિયા ઈતિહાસને ભૂંસી નાખવાની નથી. તેનો અર્થ એ છે કે ઈતિહાસને ફરીથી લોકોને સંપૂર્ણપણે અધિકૃત અને ભારતીય દ્રષ્ટિકોણથી રજૂ કરવો. આ વસાહતીકરણ દૂર કરવાની પ્રક્રિયા છે, અને તે થવું જ જોઈએ. કદાચ ઘણા લોકો આ માટે મોટેથી બોલતા નથી."

અમિત શાહે કહ્યું, "વસાહતીકરણનો અર્થ ભૂંસી નાખવું નથી.

અમારા દષ્ટિકોણથી, વિશ્વના કલ્યાણ માટે તે સત્યને વિશ્વ સમક્ષ રજૂ કરવું એ જ વસાહતીકરણનો અર્થ છે. કારણ કે તેઓએ ઈતિહાસ, જ્ઞાન, પરંપરાઓ, સંસ્કૃતિને તેમની શક્તિ જાળવી રાખવાનું સાધન બનાવ્યું હતું.

# સાયબર ફ્રોડના કિસ્સાઓમાં હવેથી ઝીરો-ઈ-એફઆઈઆર ફરજિયાત બનાવાઈ




રાજકોટ : સાયબર ફ્રોડના કિસ્સાઓમાં હવેથી ઝીરો ઈ - એફઆઈઆર ફરજિયાત બનાવાઈ છે. ભોગ બનનાર ૧૯૩૦ ઉપર કોલ કરશે તે સાથે જ ઈ-એફઆઈઆર જનરેટ થઈ સંબંધીત પોલીસ મથકમાં પહોંચી જશે. જયાં પછીથી ભોગ બનનારે ફિઝીકલ એફઆઈઆર નોંધાવવાની રહેશે. ભોગ બનનાર જો ફિઝીકલ એફઆઈઆર નોંધાવવા ન માંગતા હોય તો ઈ-એફઆઈઆરના આધારે પોલીસ તપાસ જારી રાખશે.

રાજયમાં અગાઉ વાહન અને મોબાઈલ ચોરીના કિસ્સાઓમાં જ ઈ-એફઆઈઆર થઈ શકતી હતી. ફરિયાદી પોતાના ઘરે બેસીને વાહન કે મોબાઈલ ચોરીની ઈ-ફરિયાદ નોંધાવી શકતા હતા. હવે સાયબર ફ્રોડને પણ ઈ-એફઆઈઆરમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે.

ડીજીપીના આદેશથી ગઈ તા.૧ સપ્ટેમ્બરથી ઝીરો-ઈ-એફઆઈઆર ફરજિયાત બનાવાઈ છે. શરૂઆતમાં રૂપિયા એક લાખના સાયબર ફ્રોડમાં ઈ-એફઆઈઆર કરવાનો હુકમ કરાયો હતો. ત્યારબાદ આ રકમ ઘટાડી હવે રૂા.૫૦ હજારની કરવામાં આવી છે. રાજકોટના ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ઝીરો-ઈ-એફઆઈઆરના આધારે પહેલી ફિઝીકલ એફઆઈઆર નોંધાઈ પણ ચૂકી છે.

જાણકાર પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે હાલમાં પાંચ લાખથી નીચેની રકમનાં સાયબર ફ્રોડની ફરિયાદ સંબંધીત પોલીસ મથકમાં અને પાંચ લાખથી વધુ રકમના સાયબર ફ્રોડની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવી શકાય છે.

ઝીરો-ઈ-એફઆઈઆરના આધારે કોઈ ભોગ બનનાર જો ફિઝીકલ એફઆઈઆર નોંધાવવા ન માંગતું હોય તો અરજીના આધારે તપાસ કરી જો તેના ખાતામાંથી રકમ ફ્રિઝ કે બ્લોક થઈ હોય તો તે પણ પરત મળી શકશે. આ માટે ફિઝીકલ એફઆઈઆર નોંધાવવી ફરજિયાત નથી.

# ગોંડલના આશાપુરા ડેમમાં કાકો-ભત્રીજો ડૂબ્યાં

## ૭ વર્ષના ભત્રીજાને બચાવવા જતાં ૧૯ વર્ષીય યુવકે જીવ ગુમાવ્યો, વહાલસોયાને છાતીએ ચાંપી માતાનું રૂદન

રાજકોટ :ગોંડલના આશાપુરા ડેમ વિસ્તારમાંથી એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ડેમમાં નાહવા પડેલા ૭ વર્ષના બાળકને બચાવવા જતા ૧૯ વર્ષીય યુવાન કાકાનું પણ પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. આ આકસ્મિક દુર્ઘટનાથી સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

આ દુર્ઘટના ૧૩ સપ્ટેમ્બરે સાંજે ૬થી ૭ વાગ્યા વચ્ચે ગોંડલના આશાપુરા ડેમ ખાતે બની હતી. આશાપુરા ગાર્ડન પાસે નવા બની રહેલા સ્પોર્ટ્સ સંકુલમાં, મૂળ દાહોદ જિલ્લાના કંબોઈ ગામના વતની અને મજૂરી કામ કરતા પરિવારના અવિનાશ કટારા (ઉં.વ. ૭) અને તેના કાકા રામુ મગનભાઈ લીબા (ઉં.વ. ૧૯) ડેમ કાંઠે ગયા હતા.ડેમ કાંઠે બેસીને નાહતી વખતે ૭ વર્ષના અવિનાશનો અકસ્માતે પગ લપસી જતાં તે ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. બાળકને બચાવવા માટે કાકા રામુ તાત્કાલિક પાણીમાં કૂદી પડ્યા હતા, પરંતુ પાણી વધુ ઊંડું હોવાને કારણે બંને બહાર આવી શક્યા નહોતા અને ડૂબી ગયા હતા.

મૃતક રામુના લગ્ન માત્ર ૩ મહિના પહેલા જ થયા હતા, જેથી પરિવારમાં હજુ ખુશીનો માહોલ હતો ત્યાં જ આ વજ્રઘાત સમાન દુર્ઘટના સર્જાઈ હતી. ઘરના બે સભ્યોના એકસાથે આકસ્મિક મૃત્યુથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને પરિવારજનોના હૈયાફાટ રૂદનથી સમગ્ર વાતાવરણ ગમગીન બન્યું છે.

દુર્ઘટનાની જાણ થતાં જ નગરપાલિકાના ઉપ પ્રમુખ મનીષ રૈયાણી, ૧૦૮ એમ્બ્યુલન્સ અને ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ટીમના કિશોર ગોહેલ, જયેશ સોજીત્રા, વિજયસિંહ ચુડાસમા, અભીરાજ જાડેજા, જયરાજસિંહ ચુડાસમા, જગદીશ પનીયાણી સહિતની ટીમે ભારે જહેમત અને શોધખોળ બાદ ૭ વર્ષીય અવિનાશ અને ૧૯ વર્ષીય રામુના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. જી.એસ. ગઢવી સહિતનો પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા સ્વિફ્ટ કાર પલટી જતા એકને ઈજા

રાજકોટ:

રાજકોટમાં અકસ્માતની વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. શહેરના વ્યસ્ત એવા કોટેચા ચોક વિસ્તારમાં એક કાર ચાલકે અચાનક પોતાના વાહનના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો. કાબુ ગુમાવતાની સાથે જ સ્વિફ્ટ કાર રોડ પર પલટી ખાઈ ગઈ હતી. ઘટનાને પગલે આસપાસથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. મુખ્ય માર્ગ પર કાર પલટી જવાથી થોડા સમય માટે ટ્રાફિકજામનાં દ્રશ્યો સર્જાયા હતા અને વાહનવ્યવહાર ખોરવાયો હતો. આ અકસ્માતમાં ૧ વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે આ ગમખ્વાર અકસ્માતમાં કોઈપણ પ્રકારની જાનહાની થઈ નથી.

બીજી તરફ અકસ્માતના આ બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ટ્રાફિકને પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસે પલટી ગયેલી કારને રસ્તા પરથી હટાવીને માર્ગ ખુલ્લો કરાવ્યો હતો. હાલમાં પોલીસે આ સમગ્ર ઘટના અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. કાર પલટી જવાનું મુખ્ય કારણ શું હતું તે જાણવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ઉપરાંત, અકસ્માત સર્જનાર કારનો ચાલક નશામાં હતો કે કેમ તે અંગે પણ મેડિકલ તપાસ સહિતના મુદ્દે પોલીસે સઘન પૂછપરછ અને કાર્યવાહી હાથ ધરી છે.

# મંદિરમાં લોટી ચડાવવા બાબતે વૃદ્ધ દંપતી પર હુમલો

રાજકોટ : રવિ રત્ન પાર્ક સોસાયટી શેરી નં.૪માં આવેલા સોમેશ્વર મંદિરમાં લોટી ચડાવવાના ઝઘડામાં આરોપી વેંદાત પટેલ અને તેના પિતાએ પાડોશી દંપતીને મારકુટ કર્યાની ફરિયાદ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં નોંધાઇ છે.

નિવૃત જીવન વિતાવતા બેચરભાઈ ઘોડાસરા (ઉ.વ.૬૨)એ પોલીસને જણાવ્યું કે, તેના પૂત્ર અને પૂત્રી વિદેશમાં વસવાટ કરે છે. ગઇ તા.૧૨ના રોજ સવારે તેના પત્ની સોમેશ્વર મહાદેવના મંદિરે જળાભિષેક કરવા ગયા હતા. શ્રાવણ માસમાં મંદિર વહેલું ખુલતું હતું પરંતુ તે દિવસે હજુ મંદિર ખુલ્યું ન હતું. ભાવિકો મંદિર ખુલવાની રાહ જોતા હતા ત્યારે નજીકમાં રહેતા બાલુભાઈએ કહ્યું કે, પુજારીને કહો મંદિર ખોલે. જેથી તેના પત્નીએ કહ્યું કે, હવે શ્રાવણ મહિનો પુરો થઇ ગયો છે એટલે આ જ ટાઇમે મંદિર ખુલશે.

ત્યારબાદ મંદિર ખુલતાં બાલુભાઇ સૌથી પહેલા ગર્ભગૃહમાં જળ ચડાવવા પહોંચી ગયા હતા. તે જોઇ તેના પત્નીએ કહ્યું કે, બાલુભાઇ થોડીવાર ઉભા તો રહો, શિવલિંગ પરનો સાંજનો શણગાર તો ઉતારી લેવા દો, તમે પછી લોટી ચડાવજો. તે સાથે જ બાલુભાઇએ ઉશ્કેરાઇ જઇ તેની પત્નીને તું શાંતિ રાખ, દોઢી થામાં તેમ કહી દીધું હતું.

પત્નીએ ઘરે આવી આ વાત તેને કરી હતી. જોકે તેણે આપણે આ લોકો જેવા નથી થવું તેમ કહી પત્નીને 'સમજાવી' દીધી હતી. ત્યારબાદ મંદિરમાં હનુમાન ચાલીસાના પાઠ પુરા કરી ઘરે જતાં હતા ત્યારે બાલુભાઇના પૌત્ર વેદાંતે તેને ક્યાં જાશ, ઘરે નથી જવાનું, સાઇડમાં આવ. આ પછી તેનો હાથ પકડીને લઇ જતા હતા ત્યાં તેના પત્ની નર્મદાબેન આવી જતાં વેદાંતે તેને તું કેમ સવારમાં મારા દાદા સાથે લપ કરતી હતી. તે સાથે જ વેદાંતના પિતા પીવીસી પાઇપ લઇને આવ્યા હતા.

તેના વડે તેના પત્ની ઉપર હુમલો કરતા ઈજા થઇ હતી. જોકે તે ત્યાંથી નિકળી ગયા બાદ ૧૧૨માં કોલ કર્યો હતો. તેના પત્નીએ સારવાર લીધા બાદ ફરિયાદ નોંધાવી હતી.

# પડવલા ખાતે જે.કે. પોલીમર્સ અને ભરૂડીની એમ.એમ. ફોર્જિંગમાં લાગી આગ,કલાકોની જહેમત બાદ કાબુ મેળવાયો

રાજકોટ:

રાજકોટ જિલ્લામાં આજે સવારના સમયે આગ લાગવાના બે અલગ-અલગ બનાવો સામે આવતા ભારે દોડધામ મચી હતી. પ્રથમ ઘટના પડવલા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી જે.કે. પોલીમર્સ કંપનીમાં બની હતી જ્યારે બીજી ઘટના ભરૂડી નજીક આવેલી એમ.એમ. ફોર્જિંગ કંપનીમાં બની હતી. આ બંને બનાવોની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચીને તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી અને ભારે જેહમત બાદ બંને સ્થળે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં સફળતા મળી છે. જોકે, આગ લાગવાના કારણો અંગેની ચોક્કસ જાણકારી હજુ સામે આવી નથી.



પ્રથમ બનાવ અંગે મળતી વિગતો અનુસાર પડવલા ઈન્ડસ્ટ્રીઝમાં આવેલી જે.કે. પોલીમર્સ નામની ફેક્ટરીમાં સવારે અંદાજે ૫:૩૦ વાગ્યે એકાએક આગ ફાટી નીકળી હતી. ફાયર બ્રિગેડને સવારે ૬:૩૨ વાગ્યે કંટ્રોલ રૂમ દ્વારા કોલ મળતા જ શાપર-વેરાવળ, મવડી અને ગોંડલ ફાયર સ્ટેશનથી ફાયર ફાઈટરોની ૩ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. કંપની પરિસરમાં પ્લાસ્ટિકનો મોટો જથ્થો સંગ્રહિત હોવાના કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી જોવા મળ્યા હતા. પ્લાસ્ટિકનો આ મોટો જથ્થો બળીને સંપૂર્ણ નાશ પામ્યો હતો.

આ અંગે માહિતી આપતા ફાયરમેન શૈલેષ ખોખરે જણાવ્યું હતું કે, ફાયર ફાઈટરો દ્વારા ચારેય તરફથી પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં પાણીના અભાવના કારણે આગ પર કાબૂ મેળવવામાં થોડી મુશ્કેલી પડી હતી અને વાર લાગી હતી પરંતુ, ફાયર બ્રિગેડની ટીમોએ સતત ૩ કલાક સુધી સઘન કામગીરી કરી આખરે આગ પર પૂર્ણપણે કાબુ મેળવી લીધો હતો. સદનસીબે આ આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ કયા કારણોસર લાગી તે અંગે ચોક્કસ કારણ જાણી શકાયું નથી, જેથી તંત્ર દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.બીજી ઘટનાની વિગતો મુજબ રાજકોટના ભરૂડી વિસ્તાર નજીક આવેલી એમ.એમ. ફોર્જિંગ કંપનીમાં સવારે ૮:૪૫ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. આ બનાવ અંગે ગોંડલ ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરોએ ત્વરિત અને સરાહનીય કામગીરી કરી આગને વધુ પ્રસરતી અટકાવી હતી અને ટૂંક સમયમાં જ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો. આ ઘટનામાં પણ સમયસર કાબુ મેળવાઈ જતાં કોઈ જાનહાનિ થવા પામી નથી, જેના કારણે કંપની સંચાલકો અને સ્થાનિક તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

# રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે રીક્ષા ગેંગના ચાર શખ્સોને ઝડપી પાડ્યા



રાજકોટ:રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રીક્ષા ગેંગના ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી રોહિત કોઈડિયા, વિપુલ ડોડા, આકાશ સોલંકી, અને પ્રકાશ ઉર્ફે બકુલ સોલંકીની ધરપકડ કરી રીક્ષા અને રોકડ ૪૦,૦૦૦ મળી કુલ રૂ.૧.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પુછપરછમાં આરોપીઓએ છેલ્લા બે મહિનામાં રિક્ષામાં મુસાફરોને બેસાડી ૧૭ ગુનાને અંજામ આપી કુલ ૬૫,૦૦૦થી વધુ રકમ સેરવી લીધી હોવાની કબૂલાત આપી છે.

પોલીસ તપાસમાં પકડાયેલ આરોપીઓ પૈકી રોહિત કોઈડિયા વિરુધ્ધ ચાર ગુના, વિપુલ ડોડા વિરુધ્ધ બે ગુના, આકાશ સોલંકી વિરુધ્ધ ચાર ગુના, અને પ્રકાશ ઉર્ફે બકુલ સોલંકી વિરુધ્ધ ૫ ગુના નોંધાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે પકડાયેલ રીક્ષાગેંગ દ્વારા ગત ૧૨.૦૭. ૨૦૨૬ના રોજ સાંજના ૬ વાગ્યા આસપાસ ૨૬ વર્ષીય યુવક ભૌતિક ગઢીયાને રિક્ષામાં બેસાડી રૂપિયા ૫૦,૦૦૦ નજર ચૂકવી સેરવી લીધા હતા જે ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

# પ્રેમલગ્ન બાદ અતિશય ત્રાસ સહન કરનાર પરિણીતાની ફરિયાદ

## તબીબે કહ્યું એક જીવશે: સાસુ બોલી; 'સંતાન બચી જાય તો ઘણું, મા તો બીજી મળી જશે'

રાજકોટ:રાજકોટમાં અલગ જ્ઞાતિમાં પ્રેમલગ્ન કર્યા બાદ પતિ અને સાસુ-સસરા દ્વારા અમાનવીય ત્રાસ ગુજારવામાં આવતા પરિણીતાએ મહિલા પોલીસ મથકમાં સાસરિયાંઓ સામે ફરિયાદ નોંધાવી છે. પ્રથમ પ્રેગનન્સી વખતે પતિએ નશામાં પરિણીતાને ધક્કો મારતા પેટમાં થયેલી ઈજાને કારણે બાળકનું મોત થયું હતું અને ગર્ભપાત થયો હતો. આટલી જ નહીં બીજી ડિલિવરી વેળાએ પણ નિર્દય સાસરિયાંઓએ "સંતાન બચે તો ઘણું, મા તો બીજી મળી જશે' તેવું કથન ડોક્ટરને કર્યું હતું.

મહિલા પોલીસ સ્ટેશનમાં માધાપર ચોકડી વિસ્તારમાં રહેતા અને હાલ એ.જી. યુનિવર્સિટી રોડ પર પીજીમાં રહેતા પૂનમબેન (ઉં.વ.૨૮)એ પતિ હર્ષ ગોસલિયા, સાસુ ઉર્વી અને સસરા આશિત ગોસલિયા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, પૂનમબેનના ૨૦૧૮માં હર્ષ સાથે લગ્ન થયા હતા અને તેમને છ વર્ષની દીકરી છે.લગ્નના એક વર્ષ બાદ પતિ ચરિત્ર અંગે શંકા કરી 'કોઇ સાથે અફેર છે' કહી ઝઘડા કરતો હતો. સાસુ ઘરકામ બાબતે મહેણાં મારતા અને સસરા પણ નાની બાબતે અપશબ્દો બોલતા હતા. ત્રણેક મહિનાની ગર્ભાવસ્થા દરમિયાન પતિ દારૂ પી ઘરે આવ્યો હતો અને ઝઘડા-ઝપાઝપીમાં પરિણીતાને બેડ સાથે અથડામણ થતાં પેટમાં દુખાવો થયો હતો. બીજા દિવસે સારવાર દરમિયાન સોનોગ્રાફીમાં બાળકનું મોત થયું હોવાનું તબીબે જણાવતાં અબોર્શન થયું હતું.

બાદમાં ૨૦૧૯માં બીજી વખત ગર્ભ રહેતા ડિલિવરી સમયે તબીબે માતા અથવા બાળકમાંથી એકના જીવિત રહેવાની શક્યતા હોવાનું જણાવ્યું હતું. ત્યારે પતિ અને સાસુ-સસરાએ 'સંતાન બચી જાય તો ઘણું, મા તો બીજી મળી જશે' કહ્યું હતું. દીકરીના જન્મ બાદ પણ ત્રાસ ચાલુ રહ્યો હતો.ફરિયાદ મુજબ, ૨૭ જુલાઈએ પરિણીતાએ ભરણપોષણ અને ડોમેસ્ટિક વાયોલન્સ અંગે કોર્ટમાં અરજી કરી હતી. ૨૮ જુલાઈએ સાસુ-સસરા તથા નણંદ-નણંદોઇ પીજીમાં આવી માથાકૂટ કરતા ૧૧૨ બોલાવાઈ હતી. અગાઉ પણ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. હવે મહિલા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પૂર્વ પ્રેમીનો મહિલા અને તેના મંગેતર પર છરી વડે હુમલો

રાજકોટ:રાજકોટ દેવપરા શાકમાર્કેટમાં સરકારી શાળા નં. ૬૩ની દીવાલ પાસે હિંસક હુમલાની ઘટના બની છે. જેમાં પૂર્વ પ્રેમીએ મહિલા અને તેના મંગેતર ઉપર છરી વડે હુમલો કર્યો હતો. જેમાં મહિલા બચાવવા વચ્ચે પડતા હાથમાં ૩ ટાંકા આવ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ૧.૫ વર્ષ પહેલા એક મહિલાને જંગલેશ્વર નં. ૩૪ માં રહેતા અફાન ઉર્ફે ગફાર જાહીદભાઈ પરમાર સાથે પ્રેમ સંબંધ હતો. મહિલાની અન્ય જગ્યાએ સગાઈ થઈ જતા જ તેણે આરોપી સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું અને તેનો નંબર બ્લોક કરી દીધો હતો. આ વાતનું મનદુ:ખ રાખી આરોપી અફાને ગત ૧૨ સપ્ટેમ્બરે ૨૦૨૬ ના રોજ રાત્રે ૮:૧૫ થી ૮:૩૦ની વચ્ચે મહિલા સહિત તેના મંગેતરને વાતચીત કરવા માટે બોલાવ્યા હતા.

નંબર કેમ બ્લોક કર્યો તેમ કહી આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની પાસે રહેલી છરી વડે મહિલાના મંગેતર ઉપર હુમલો કરવા દોડ્યો હતો. મંગેતરને બચાવા માટે મહિલા વચ્ચે પડતા તેના ડાબા હાથના પંજાના ભાગે છરી વાગી ગઈ હતી, જેના કારણે તેમને ૩ ટાંકા આવ્યા હતા. આ મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ફૂટનો વેપારી ૫ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપાયો

## ૨.૬૫ લાખનો મુદામાલ જપ્ત, એન્ટી નાર્કોટિક્સ વિંગનો પ્રથમ કેસ

રાજકોટ:

રાજ્ય સરકાર દ્વારા ડ્રગ્સના દુષણને ડામવા માટે ખાસ એન્ટી નાર્કોટિક્સ વીંગની રચના કરવામાં આવી છે રાજકોટ શહેરમાં આ ટિમ દ્વારા પ્રથમ કેસ કરી ફૂટના વેપારીને ૫.૨૪૧ કિલોગ્રામ ગાંજાના જથ્થા સહીત કુલ રૂ.૨.૬૫ લાખના મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




રાજકોટ શહેર એન્ટી નાર્કોટિક્સ વિંગના પીઆઇ બી.બી.જાડેજા ટિમ સાથે પેટ્રોલિંગમાં હતા આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટના નાના મવા રોડ પર અર્જુન પાર્ક આવાસ યોજના ક્વાર્ટરમાં ગેઇટની અંદર આવેલ આંગણવાડી સામે એક શખ્સ ગાંજાના જથ્થા સાથે ઉભો છે. જેથી તાત્કાલિક સ્થળ પર પહોંચી શંકાસ્પદ શખ્સને અટકાવી તેનું નામ પૂછતાં કૌશર સલીમભાઇ મેતર જણાવ્યું હતું.


જેની તલાસી લેતા તેની પાસેથી લીલા વનસ્પતિ જેવા પદાર્થ મળી આવતા હ્રજીન હાજરીમાં તપાસ કરાવતા ગાંજો હોવાનું સામે આવતા પોલીસે ૫.૨૪૧ કિલોગ્રામ ગાંજાનો જથ્થો તેમજ મોબાઈલ મળી કુલ રૂપિયા ૨.૬૫ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહ હાથ ધરી હતી.

પોલીસ તપાસમાં પકડાયેલ આરોપી ફૂટનો ધંધો કરતો હોવાનું સામે આવ્યું છે અને તાજેતરમાં જ ગાંજાનો જથ્થો છૂટક વેચાણ શરૂ કરવા માટે લાવ્યો હોવાનું રટણ કર્યું હતું જો કે આ ગાંજાનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો તેમજ અગાઉ કોઈ વખત લાવ્યો હતો કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# શહેરમાં વધુ એક વખત લુખ્ખા અને આવારા તત્વોનો આતંક સામે આવ્યો

રાજકોટ:

રાજકોટ શહેરમાં વધુ એક વખત લુખ્ખા અને આવારા તત્વોનો આતંક સામે આવ્યો છે. શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે આવેલા દેવપુષ્પ મેડિકલ સ્ટોરમાં રવિવારે રાત્રીના ૯.૩૦ વાગ્યા આસપાસ છ જેટલા શખ્સો ધોકા પાઇપ સાથે ઘસી આવ્યા હતા અને અચાનક જ મેડિકલ સ્ટોરમાં રહેલ કોમ્પ્યુટર, સીસીટીવી કેમેરા અને ટીવીમાં તોડફોડ કરી નાસી છૂટ્યા હતા જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે. હાલ સમગ્ર મામલે મેડિકલ સ્ટોર સંચાલક દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવવા માટે તજવીજ હાથ ધરી છે અને પોલીસ સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.રાજકોટના રૈયા રોડ પર હનુમાન મઢી ચોક ખાતે આવેલ દેવપુષ્પ મેડિકલ સ્ટોરના સંચાલક પ્રજ્ઞેશભાઈએ જણાવ્યું હતું કે, રવિવારે સ્ટાફ ઓછો હોવાના કારણે દવાના બે કાઉન્ટર ચાલુ રાખીએ છીએ અને એક કાઉન્ટર બંધ રાખીએ છીએ. રવિવારે રાત્રે ૯.૩૦ વાગ્યા આસપાસ અજાણ્યા ૬ શખ્સો મેડિકલ સ્ટોર ખાતે ઘસી આવ્યા હતા જેમના હાથમાં ધોકા અને પાઇપ હતા આવી અને તેમના દ્વારા મેડિકલ સ્ટોરમાં રહેલ ૧૨ જેટલા કોમ્પ્યુટર, ૨ સીસીટીવી કેમેરા અને ટીવી તેમજ ટેબલ ઉપર ધોકા પાઇપ મારી નુકશાન પહોંચાડવામાં આવ્યું છે જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થવા પામી છે.




મેડિકલ સ્ટોરમાં દવા લેવા આવેલા શખ્સે બોલાચાલી કરી બાદમાં અન્ય ૬ શખ્સો સાથે આવી ધોકા પાઇપ વડે કરી તોડફોડ

આ બનાવ પાછળનું કારણ એ છે કે જે લોકો ધોકા પાઇપ લઈને આવ્યા હતા ત પૈકી એક વ્યક્તિ થોડી વાર પહેલા દવા લેવા આવ હતા અમારું એક કાઉન્ટર બંધ હતું માટે અમે એ દવા લેવા આવ્યા ત્યારે અન્ય એક મહિલા ગ્રાહક પણ દવા લેવા આવ હોવાથી સ્ટાફ દ્વારા મહિલા ગ્રાહકને સાઈડમાં ઉભા રહેવાનું કહેતા તે શખ્સ ઉશ્કેરાયો હતો અને તું કોને સાઈડમાં રહેવા કહેશ કહેતા અમારા સ્ટાફે તમને દવા આપીએ જ છીએ ના નથી પાડી કહેતા ઉશ્કેરાઈ અને બોલાચાલી કરી બાદમાં તું મને ઓળખતો નથી ઉભો રે જે હમણાં આવું કહી ચાલ્યા ગયા બાદ ૯.૩૦ વાગ્યા આસપાસ અચાનક ૬ લોકો આવી તોડફોડ શરૂ કરી હતી.

હાલ સમગ્ર મામલે મેડિકલ સ્ટોર સંચાલક દ્વારા ગાંધીગ્રામ પોલીસને સીસીટીવી કેમેરાના ફૂટેજ આપી ફરિયાદ નોંધાવવા માટે તજવીજ હાથ ધરી છે જેના અઢાર પોલીસે આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# પીસીબીની ટીમે છકડો રિક્ષામાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો



રાજકોટ:રાજકોટ પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી જેના આધારે ગોંડલ ચોકડી પાસે આવેલા કિઆના શો રૂમ નજીક રોડ પરથી શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક છકડો રીક્ષાને રોકી તપાસ કરતા રિક્ષામાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે છકડો રિક્ષામાંથી દારૂના જથ્થા સાથે બે સગા ભાઈઓ વસંત અને વિજય મનોજભાઈ માંગરોલીયાને પકડી ૧.૬૦ લાખના દારૂ અને છકડો રિક્ષા મળી કુલ ૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.